ભારતનું પ્રથમ લિકિવડ મિરર ટેલિસ્કોપ શરૂ કરવામાં આવશે.



**E-COPY**
**(June-2022)**

# વર્તમાન પ્રવાહો

: DATE :
01/07/2022 to 31/07/2022

કેન્દ્ર સરકારે સૈનિકોની ભરતી માટે
અગ્નિપથ યોજના લોંચ કરી.




ગાંધીનગરના કલોલ ખાતે દેશના
પ્રથમ નેનો લિકિવડ યુરિયા પ્લાન્ટનું ઉદ્ઘાટન.




વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે
અત્યંત ઉપયોગી સાપ્તાહિક **વર્તમાન પ્રવાહો**

- GPSC-I/II
- GPSC-III
- નાયબ મામલતદાર
- PSI/ASI Constable
- તલાટી
- Bank
- SBI
- IBPS
- SSC
- Railway

(Creating A Way For Govt. Jobs)
**Banking Academy**
(Preparation for All Types of Competitive Exams)

## Govt.Jobs જેવી કે

BANK | SBI | IBPS | LIC | SSC | RRB | RBI

તેમજ

GPSC | PSI | નાયબ મામલતદાર | રાજ્યવેરા નિરીક્ષક | તલાટી

બિન સચિવાલય | કોન્સ્ટેબલ | TET/TAT | ચીફ ઓફીસર

ની માહિતી / ભરતીઓ / તૈયારી ના માર્ગદર્શન /Materials / ઓનલાઈન ફોર્મ ની સંપૂર્ણ માહિતી તેમજ Regular Update માટે આજે જ અમારા Social Media Platforms જેવા કે ટેલીગ્રામ / ઈન્સ્ટાગ્રામ / ફેસબુક Youtube સાથે નીચેના Icon પર Click કરીને જોડાઓ.

BANKING ACADEMY

## મહિનાના મુખ્ય મુદ્દાઓ

- **1 જૂન, 2022ના રોજ 'હર ઘર દસ્તક 2.0 અભિયાન' સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવ્યું છે, જેથી કરીને તમામ પાત્ર લાભાર્થીઓ સંપૂર્ણ Covid-19 રસીકરણ મેળવી શકે.**
  - → આ અભિયાન 12 થી 14 વર્ષની વયજૂથના લોકોને રસીકરણ અને 60 વર્ષથી વધુ ઉંમરના લોકો માટે સાવચેતીના ડોઝ પર વિશેષ ધ્યાન આપે છે. તે બે મહિનાનું ડોર–ટૂ–ડોર અભિયાન છે જે 1 જૂન થી 31 જુલાઈ, 2022 સુધી ચાલશે. પ્રથમ હર ઘર દસ્તક અભિયાન નવેમ્બર 2021માં શરૂ કરવામાં આવ્યું હતું.
- **3 જૂન, 2022ના રોજ કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રી ડો. વીરેન્દ્ર કુમાર દ્વારા 'શ્રેષ્ઠ યોજના' શરૂ કરવામાં આવી હતી.**
  - → આ યોજનાને લક્ષિત વિસ્તારોમાં ઉચ્ચ શાળાના વિદ્યાર્થીઓ માટે રહેણાંક શિક્ષણ યોજના તરીકે પણ ઓળખવામાં આવે છે. શ્રેષ્ઠ યોજના અનુસૂચિત જાતિ વર્ગના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ અને તકો પૂરી પાડવાના ધ્યેય સાથે ઘડવામાં આવી હતી.
  - → આ યોજનાનો મૂળ ઉદ્દેશ્ય દેશની શ્રેષ્ઠ ખાનગી રહેણાંક શાળાઓમાં બાળકોને ઉચ્ચ ગુણવત્તાયુકત શિક્ષણ આપીને અનુસૂચિત જાતિના લોકોના સામાજિક–આર્થિક દરજ્જાને ઉન્નત કરવાનો છે. CBSE સંલગ્ન ખાનગી શાળાઓમાં ધોરણ 9 અને ધોરણ 11માં પ્રવેશ આપવામાં આવશે.
  - → ચાલુ શૈક્ષણિક વર્ષ (2021-22)માં ધોરણ 8 અને 10મા અભ્યાસ કરતા SC વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ મેળવવા માટે પાત્ર છે.
  - → આમાં 2.5 લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક ધરાવતા સીમાંત આવક જૂથમાંથી આવતા અનુસૂચિત જાતિ સમુદાયના વિદ્યાર્થીઓ પાત્ર છે.
  - → તેમની પસંદગી 'નેશનલ એન્ટ્રસ ટેસ્ટ ફોર એક્સેલન્સ' (NETS) તરીકે ઓળખાતી પારદર્શક પદ્ધતિ દ્વારા કરવામાં આવશે.
  - → તે 9મા અને 11મા ધોરણમાં પ્રવેશ માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા હાથ કરવામાં આવશે.
- **દેશની આર્થિક રાજધાની મુંબઈ અને મહારાષ્ટ્રની સાંસ્કૃતિક રાજધાની પૂણે સાથે જોડતી પ્રીમિયમ ટ્રેન 'ડેક્કન કિવન'એ 1 જૂન, 2022 ના રોજ 92 વર્ષ પૂર્ણ કર્યા છે.**
  - → દેશની પ્રથમ ઈલેક્ટ્રિક લોકો ટ્રેન 'ડેક્કન કિવન' 1 જૂન, 1930 ના રોજ મધ્ય રેલવેના અગ્રદૂત ગ્રેટ ઈન્ડિયન પેનિન્સુલા (GIPR) દ્વારા શરૂ કરવામાં આવી હતી. તે ભારતની પ્રથમ લાંબા અંતરની ઈલેક્ટ્રિક હોલેજ ટ્રેન, પ્રથમ તમામ મહિલા–વિશેષ ટ્રેન અને જમવાની સુવિધા પુરી પાડતી પ્રથમ ટ્રેન સહિત આ ટ્રેન તેના નામે અનેક રેકોર્ડ ધરાવે છે. તેનું નામ પુણે (ડેક્કન કિવન) પરથી રાખવામાં આવ્યું છે.
- **કેન્દ્ર સરકાર વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવાના ઉદ્દેશ્ય સાથે અત્યાધુનિક 'પીએમ શ્રી શાળાઓ' (PM Shri Schools) સ્થાપવાનું આયોજન કરી રહી છે.**
  - → આ શાળાઓ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ની પ્રયોગશાળા તરીકે સેવા આપશે. ગુજરાતના ગાંધીનગરમાં બે દિવસીય રાષ્ટ્રીય શિક્ષણ મંત્રીઓની પરિષદને સંબોધતા શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને 'PM શ્રી શાળાઓ'ની જાહેરાત કરી હતી. 32 કેન્દ્રશાસિત પ્રદેશ / રાજ્યોના શિક્ષણ મંત્રીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો જ્યારે તમિલનાડુએ બેઠકનો બહિષ્કાર કર્યો હતો.
  - → શિક્ષણમંત્રીશ્રીએ પ્રારંભિક બાળપણ દેખભાળ અને શિક્ષણ કાર્યક્રમ (Early Childhood Care and Education Programme-ECCE), પુખ્ત શિક્ષણ, શાળા શિક્ષણ સાથે કૌશલ્ય વિકાસને એકીકૃત કરવા અને માતૃભાષાઓમાં શિક્ષણને પ્રાધાન્ય આપવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો.
- **વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ નિમિત્તે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ની આગેવાની હેઠળ ચોથો 'State Food Safety' (રાજ્ય અન્ન સુરક્ષા સૂચકાંક) પ્રસિદ્ધ કરવામાં આવ્યો.**
  - → આ ઈન્ડેકસમાં અન્ન સુરક્ષા અંગેના 5 માપદંડને આધારે ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જુદી–જુદી 3 કેટેગરીમાં રેન્ક આપવામાં આવ્યો છે. જેમાં ભારતના મોટા રાજ્યોમાં કુલ 100 માંથી 82.00 ના સ્કોર સાથે તમિલનાડુ પ્રથમ ક્રમાંકે છે. તમિલનાડુ બાદ 77.5 ના સ્કોર સાથે ગુજરાત બીજા ક્રમે અને 70.00 ના સ્કોર સાથે મહારાષ્ટ્ર ત્રીજા ક્રમે છે. જ્યારે ભારતના મોટા રાજ્યોમાં આંધ્રપ્રદેશ અંતિમ સ્થાને છે.
  - → આ ઈન્ડેકસમાં ભારતના નાના રાજ્યોમાં ગોવા પ્રથમ ક્રમે છે. ત્યારબાદ મણિપુર બીજા અને સિક્કિમ ત્રીજા ક્રમાંકે છે. જ્યારે ભારતના નાના રાજ્યોમાં અરૂણાચલપ્રદેશ અંતિમ 8માં ક્રમે છે.
  - → આ ઈન્ડેકસમાં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં જમ્મુ અને કાશ્મીર પ્રથમ ક્રમે છે. ત્યારબાદ દિલ્હી બીજા અને ચંદીગઢ ત્રીજા ક્રમે છે. જ્યારે ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં લક્ષદ્વીપ અંતિમ 8માં ક્રમે છે.
  - → ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગતના 'Food Safety and Standards Authority of India' (FSSAI) દ્વારા આ ઈન્ડેકસ પ્રસિદ્ધ કરવામાં આવે છે. ભારતમાં 7 જૂન, 2019ને પ્રથમ 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ' ના રોજ આ ઈન્ડેકસનો પ્રારંભ થયો હતો. આ અગાઉ 2020-21ના ઈન્ડેકસમાં ગુજરાત પ્રથમ ક્રમે હતું.
- **તાજેતરમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે 'નેશનલ એર સ્પોર્ટ્સ પોલિસી 2022' (NASP 2022) લોન્ચ કરી છે.**
  - → તે નીતિ નિર્માતાઓ, એર સ્પોર્ટ્સ પ્રેકિટશનરો અને મોટા પાયે જનતાના ઈનપુટ્સના આધારે ઘડવામાં આવી છે અને તે ઈન્ફ્રાસ્ટકચર, સાધનો, કોચ અને સેવાઓની સારી ગુણવત્તાની સ્થાપનાને સુનિશ્ચિત કરશે.
  - → નેશનલ એર સ્પોર્ટ્સ પોલિસી 2022 (NASP 2022) ભારતમાં સલામત, સસ્તું, સુલભ, આનંદપ્રદ અને ટકાઉ એર સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ પ્રદાન કરીને વર્ષ 2030 સુધીમાં ભારતના ટોચના રમત–ગમત દેશોમાંનું એક બનાવવાની કલ્પના કરે છે.
  - → આ પોલિસીનો ઉદ્દેશ દેશમાં એર સ્પોર્ટ્સ કલ્ચરને પ્રોત્સાહન આપવું, એરસ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રકચર, સાધન સામગ્રી,, સંચાલન, જાળવણી અને તાલીમ સહિત સલામતીમાં આંતરરાષ્ટ્રીય સારી પ્રથાઓને અપનાવવામાં સક્ષમ કરવા. સરળ, હિતધારક–મૈત્રીપૂર્ણ અને અસરકારક શાસન માળખું વિકસાવવું. વૈશ્વિક એર સ્પોર્ટિંગ ઈવેન્ટ્સમાં ભારતીય ખેલાડીઓની ભાગીદારી અને સફળતા વધારવી. આત્મનિર્ભર ભારત અભિયાનને અનુરૂપ ભારતમાં એર ગેમ્સના સાધનોની ડિઝાઈન, વિકાસ અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવું.

→ ભારતમાં એર ગેમ્સ માટે ચાર–સ્તરીય શાસન માળખું હશે જે નીચે મુજબ છે :
(1) એર સ્પોર્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ASFI) સર્વોચ્ચ સંચાલક મંડળ તરીકે.
(2) વ્યકિતગત એર ગેમ્સ માટેનું રાષ્ટ્રીય મહાસંઘ અથવા યોગ્ય હોય તેમ હવાઈ રમતોનું ફેડરેશન
(3) પ્રાદેશિક (જેમ કે પશ્ચિમ/દક્ષિણ/ઉત્તર પૂર્વ વગેરે) અથવા નેશનલ એર સ્પોર્ટ્સ ફેડરેશન રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરના એકમો.
(4) જિલ્લા કક્ષાનું એર સ્પોર્ટ્સ ફેડરેશન (જરૂરિયાત પ્રમાણે)

❖ **6 જૂન, 2022ના રોજ વડાપ્રધાને 'જન સમર્થ પોર્ટલ' નામનું 'ક્રેડિટ–લિંકડ સરકારી યોજનાઓ માટે રાષ્ટ્રીય પોર્ટલ' શરૂ કર્યું છે.**
→ આ પોર્ટલ નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં નાણા મંત્રાલય અને કોર્પોરેટ બાબતોના મંત્રાલયના 'વિશિષ્ટ સપ્તાહ ઉજવણી' દરમિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.
→ જન સમર્થ પોર્ટલ લોન્ચ કરતા વડાપ્રધાને કહ્યું હતું કે ભારત નાગરિક–કેન્દ્રિત શાસનના વિઝન સાથે આગળ વધી રહ્યું છે, જે સુશાસનનું મુખ્ય પાસુ છે અને સરકાર કેન્દ્રીત અભિગમને પાછળ છોડી રહ્યું છે.
→ જન સમર્થ પોર્ટલ એ વન સ્ટોપ ડિજિટલ પોર્ટલ છે, જે સરકારી ધિરાણ યોજનાઓને લિંક કરે છે. તે તેના પ્રકારનું પ્રથમ પ્લેટફોર્મ છે, જે લાભાર્થીઓને ધિરાણકર્તાઓ સાથે સીધા જ જોડે છે. આ પોર્ટલ ઘણા ક્ષેત્રોને સરળ ડિજિટલ પ્રક્રિયાઓ દ્વારા યોગ્ય સરકારી લાભો પ્રદાન કરીને સમાવેશી વૃદ્ધિને પ્રોત્સાહિત કરવા માટે શરૂ કરવામાં આવ્યું છે.

❖ **કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહે 7 જૂન, 2022ના રોજ દિલ્હીમાં 'રાષ્ટ્રીય આદિજાતી સંશોધન સંસ્થા'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.**
→ આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે આદિજાતી બાબતોના મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય આદિજાતી સંશોધન સંસ્થાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન આદિજાતી બાબતોના મંત્રાલયની સિદ્ધિઓ દર્શાવતું પ્રદર્શન પણ પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય આદિજાતી સંશોધન સંસ્થા રાષ્ટ્રીય સ્તરની અગ્રણી સંસ્થા હશે. તે શૈક્ષણિક, કાયદાકીય અને કારોબારી ક્ષેત્રોમાં આદિવાસીઓની ચિંતાઓ, બાબતો અને મુદ્દાઓનું મુખ્ય કેન્દ્ર બનશે.
→ તેનું કાર્ય નામાંકિત સંશોધન સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, સંશાધન કેન્દ્રો અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે નેટવર્ક અને સહયોગ કરશે. આ સંસ્થા આદિજાતી સંશોધન સંસ્થા (TRIS), NFS ના સંશોધન વિદ્વાનો અને સેન્ટર્સ ઓફ એકસેલન્સ (CoES) ના પ્રોજેક્ટ્સની દેખરેખ રાખશે. તે સંશોધન અને તાલીમની ગુણવત્તા સુધારવા માટે બેન્ચમાર્ક પણ સેટ કરશે.

❖ **નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ રેકોર્ડ 105 કલાક 33 મિનિટ (અંદાજે 5 દિવસ)માં 75 કિમી લાંબો બિટયુમિનસ કોંક્રીટ રોડ બનાવીને ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવ્યું છે.**
→ કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ 5 જૂન, 2022 થી શરૂ થયેલા આ કાર્યને પૂર્ણ કરવા બદલ સત્તાધિકારી, એન્જિનિયરો, કોન્ટ્રાકટરો અને કામદારોની ટીમને અભિનંદન આપ્યા હતા. મહારાષ્ટ્રના પશ્ચિમ વિદર્ભમાં અમરાવતી અને અકોલા વચ્ચે NH-53 વિભાગ પરનો આ સિંગલ લેન પ્રોજેકટ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પૂર્ણ થયો હતો.

❖ **તાજેતરમાં ગૃહમંત્રી અમિતભાઈ શાહે દીવમાં પશ્ચિમી ક્ષેત્રીય પરિષદની 25મી બેઠકની અધ્યક્ષતા કરી હતી.**
→ પશ્ચિમી ક્ષેત્રીય પરિષદની બેઠકના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે :
(1) ગ્રામીણ વિસ્તારોમાં બેન્કિંગ સેવાઓમાં સુધારો.
(2) મહિલાઓ અને બાળકો સામેના બળાત્કાર અને જાતીય અપરાધોના કેસોની દેખરેખ અને નિકાલ માટે ફાસ્ટ ટ્રેક કોર્ટનો અમલ.
(3) ઊંડા સમુદ્રમાં દરિયાઈ માછીમારોની ઓળખની ચકાસણી.
(4) દરિયાકાંઠાના રાજ્યો દ્વારા ઊંડા સમુદ્રમાં મોટા પાયે બચાવ કામગીરી માટે સ્થાનિક કટોકટીની યોજનાઓ વિકસાવવી અને પ્રાધન્યતા જાહેર ખરીદી દ્વારા મેક ઈન ઈન્ડિયા પહેલને પ્રોત્સાહન આપવું.
(5) સરહદ, સુરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રકચર, પરિવહન અને પશ્ચિમી રાજ્યો અને ઉદ્યોગોને લગતા વિવિધ મુદ્દાઓ.
→ ક્ષેત્રીય પરિષદો વૈધાનિક સંસ્થાઓ છે. જેની સ્થાપના સંસદના એક અધિનિયમ એટલે કે 'રાજ્ય પુનર્ગઠન અધિનિયમ, 1956' દ્વારા કરવામાં આવી હતી.
→ આ અધિનિયમે દેશને પાંચ ક્ષેત્રોમાં ઉત્તર, મધ્ય, પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણમાં વિભાજીત કર્યું તથા દરેક ક્ષેત્ર માટે પ્રાદેશિક પરિષદ પ્રદાન કરી.
→ ઉપરોકત ક્ષેત્રીય પરિષદો ઉપરાંત સંસદનો એક અલગ અધિનિયમ વર્ષ 1971ના ઉત્તર–પૂર્વીય પરિષદ અધિનિયમ દ્વારા એક ઉત્તર–પૂર્વીય પરિષદની રચના કરવામાં આવી હતી.

❖ **14 જૂન, 2022 ના રોજ કેન્દ્ર સરકારે ત્રણેય સેવાઓ (આર્મી, નેવી ને એરફોર્સ)માં સૈનિકોની ભરતી માટે 'અગ્નિપથ યોજના' નામની નવી યોજના લોન્ચ કરી છે.**
→ આ યોજના તાત્કાલિક અસરથી લાગુ કરવામાં આવી છે. ત્રણેય સેવાઓમાં સૈનિકોની ભરતી માટે અગ્નિપથ યોજના શરૂ કરવામાં આવી છે.
→ આ યોજના દેશભકિત અને પ્રેરિત યુવાનોને ચાર વર્ષના સમયગાળા માટે સશસ્ત્ર દળોમાં સેવા આપવાની અનુમતી આપે છે. આ યોજના હેઠળ સેનામાં જોડાનાર યુવાનોને 'અગ્નિવીર' કહેવામાં આવશે. અને યુવાનો થોડા સમય માટે સેનામાં જોડાઈ શકશે.
→ આ નવી યોજના હેઠળ વાર્ષિક 45,000 થી 50,000 સૈનિકોની ભરતી કરવામાં આવશે. તેમાંથી મોટાભાગની ભરતી માત્ર ચાર વર્ષ માટે કરવામાં આવશે. જેમાં કુલ વાર્ષિક ભરતીના લગભગ 25% ને કાયમી કમિશન હેઠળ આગામી 15 વર્ષ સુધી સેવા ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવશે.
→ આ નિર્ણયથી ભારતમાં 13 લાખથી વધુ મજબૂત સશસ્ત્ર દળો માટે સ્થાયી દળનું સ્તર ઘટશે. આ યોજના સંરક્ષણ પેન્શન બિલને પણ નીચે લાવશે જે ઘણા વર્ષોથી સરકારો માટે મુખ્ય ચિંતાનો વિષય છે. આ યોજનાથી રોજગારીની તકો વધશે અને ચાર વર્ષની સેવા દરમિયાન મેળવેલ કૌશલ્ય અને અનુભવને કારણે આવા સૈનિકોને વિવિધ ક્ષેત્રમાં રોજગારી મળશે.
→ અગ્નિપથ યોજના અધિકારીના રેન્કથી નીચેના કર્મચારીઓ માટે રજૂ કરવામાં આવી છે, જેઓ કમિશન્ડ ઓફિસર તરીકે દળોમાં જોડાતા નથી. આ અંતર્ગત 17.5 વર્ષથી 21 વર્ષની વય જૂથના ઉમેદવારો અરજી કરવા પાત્ર હશે.

→ આ યોજના મુજબ તાલીમ અને સેવાના સમયગાળા દરમિયાન વધારાના લાભો સાથે રૂ. 30,000 પગાર મળશે. આમ તે ચાર વર્ષની સેવાઓના અંત સુધીમાં પગાર રૂ. 40,000 થઈ જશે.

→ આ સમયગાળા દરમિયાન તેમના પગારના 30 ટકા સેવા નિધિ કાર્યક્રમ હેઠળ અલગ રાખવામાં આવશે અને સરકાર દર મહિને સમાન રકમનું યોગદાન પણ આપશે અને તેનું વ્યાજ પર મળશે. સેવાના 4 વર્ષની પૂર્ણાહુતિ પર અગ્નિવીરોને 11.71 લાખ રૂપિયાનું એકસાથે 'સેવા નિધિ' પેકેજ ચૂકવવામાં આવશે જેમાં તેમના દ્વારા કમાયેલા વ્યાજનો સમાવેશ થશે. તેમને ચાર વર્ષ માટે 48 લાખ રૂપિયાનું જીવન વીમા કવર પણ મળશે.

❖ **મોંગોલિયન બુદ્ધ પૂર્ણિમાની ઉજવણીના પ્રસંગે ભગવાન બુદ્ધના ચાર પવિત્રો અવશેષો 11 દિવસના પ્રદર્શન માટે ભારતથી મોંગોલિયા (અથવા મંગોલિયા) લઈ જવામાં આવી રહ્યા છે.**

→ આ અવશેષો ઉલાનબટારમાં ગંડન મઠ પરિસરના બટસાગન મંદિરમાં પ્રદર્શિત થવાના છે. આ ચાર અવશેષો ભગવાન બુદ્ધના 22 અવશેષોમાંના છે, જે હાલમાં દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયમાં રાખવામાં આવ્યા છે. તેમને 'કપિલવસ્તુ અવશેષો' તરીકે પણ ઓળખવામાં આવે છે જે કપિલવસ્તુનું પ્રાચીન શહેર હોવાનું માનવામાં આવે છે. આ સ્થળની શોધ 1898માં થઈ હતી.

→ 11 દિવસની મુલાકાત દરમિયાન અવશેષોને મંગોલિયામાં 'સ્ટેટ ગેસ્ટ'નો દરજ્જો આપવામાં આવશે અને તેને ફરીથી ભારતના સંગ્રહાલયમાં લઈ જવામાં આવશે. ભારતીય વાયુસેનાએ મુસાફરી માટે એક વિશેષ વિમાન C-17 ગ્લોબલમાસ્ટર પ્રદાન કર્યું છે, જે ભારતમાં ઉપલબ્ધ સૌથી મોટા વિમાનોમાંનું એક છે.

❖ **ભારત ગૌરવ યોજના હેઠળ કોઈમ્બતુરથી ભારતની પ્રથમ ખાનગી ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવી છે.**

→ આ ટ્રેન રૂટ પરા અનેક ઐતિહાસિક સ્થળોને આવરી લેશે જે મુસાફરોને દેશના સાંસ્કૃતિક વારસાની સમજ આપશે. નવેમ્બર 2021માં શરૂ કરાયેલી ભારત ગૌરવ યોજના હેઠળ હવે ટ્રેનોમાં પ્રવાસન માટે ત્રીજો વિભાગ બનાવવામાં આવશે.

❖ **નવી દિલ્હીના ડૉ.આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે જિલ્લા કૌશલ્ય વિકાસ આયોજનમાં શ્રેષ્ઠતા બદલ પુરસ્કારોની બીજી આવૃત્તિનું આયોજન કરાયું હતું.**

→ ટોચના 30 જિલ્લાઓને તેમના જે તે ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસમાં તેઓના અભિનવ શ્રેષ્ઠ મહાવરાઓ બદલ ડિસ્ટ્રિક્ટ સ્કિલ ડેવલપમેન્ટ પ્લાનિંગ એવોર્ડ્સ 2022 એનાયત કરાયા હતા. ગુજરાતમાં રાજકોટ, આસામમાં કચાર તથા મહારાષ્ટ્રમાં સતારાને અનુક્રમે ટોચના ત્રણ જિલ્લાઓનો રેન્ક અપાયો છે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે નેશનલ ફિલ્મ હેરિટેજ મિશન (NFHM) અંતર્ગત વિશ્વના સૌથી મોટા ફિલ્મ રિસ્ટોરેશન (સંરક્ષણ) પ્રોજેક્ટ માટે રૂ. 363 કરોડની ફાળવણી કરવામાં આવી છે.**

→ આ સંરક્ષણ પ્રોજેક્ટ પૂણેમાં નેશનલ ફિલ્મ આર્કાઈવ ઓફ ઈન્ડિયા (NFAI) ખાતે હાથ ધરાશે.

❖ **તાજેતરમાં જ ઈલેક્ટ્રોનિકસ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે ડિજિટલ ઈન્ડિયા ભાષિની – ભારત માટે ભાષા ઈન્ટરફેસ (BHASHINI – BHASHA Interface for India) માટે રણનીતિને આકાર આપવાના ઉદ્દેશથી સંશોધકો અને સ્ટાર્ટઅપ સાથે એક વિચાર–મંથન સત્ર યોજ્યું હતું, સરકારનો ઉદ્દેશ સ્ટાર્ટઅપના ઈનોવેશન, વિકાસ અને ટેકનોલોજીની ખપતને એકીકૃત કરવાનો છે.**

→ ડિજિટલ ઈન્ડિયા ભાષિની ભારતનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના નેતૃત્વ હેઠળનું ભાષા અનુવાદ મંચ છે. ભાષિની પ્લેટફોર્મ રાષ્ટ્રીય ભાષા અનુવાદ મિશનનો એક ભાગ છે. એક ભાષિની પ્લેટફોર્મ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને પ્રાકૃતિક ભાષા પ્રસંસ્કરણ (NLP) સંસાધનોને MSME, સ્ટાર્ટઅપ તથા વ્યકિતગત ઈનોવેટર્સને જાહેર ડોમેઈનમાં ઉપલબ્ધ કરાવશે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે આપત્તિ પ્રતિકારક ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ગઠબંધન કોએલિશન ફોર ડિઝાસ્ટર રેઝિલિઅન્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર (CDRI)ને 'આંતરરાષ્ટ્રીય સંસ્થા' તરીકે વર્ગીકૃત કરવા મંજૂરી આપી છે.**

→ તેને સંયુકત રાષ્ટ્ર (વિશેષાધિકાર અને કાયદેસર મુકિત) અધિનિયમ, 1947 હેઠળ ધ્યાનમાં લેવાયા મુજબ મુકિતઓ, માફી–પ્રતિરક્ષા અને વિશેષાધિકારો આપવા માટે CDRI સાથે મુખ્યમથક કરાર (HOA) પર હસ્તાક્ષર કરવાની મંજૂરી આપી છે. CDRIનું આંતરરાષ્ટ્રીય સંગઠન તરીકે વર્ગીકરણ અને યુનાઈટેડ નેશન્સ (વિશેષાધિકારો અને પ્રતિરક્ષા) અધિનિયમ, 1947ની કલમ–3 હેઠળ વિચારણા મુજબ મુકિત, માફી–પ્રતિરક્ષા અને વિશેષાધિકારો આપવા માટે CDRI સાથે HQA પર હસ્તાક્ષર કરવાથી તેને સ્વતંત્ર અને આંતરરાષ્ટ્રીય કાનૂની વ્યકિતત્વ મળશે જેથી તે આંતરરાષ્ટ્રીય સ્તરે તેના કાર્યોને કાર્યદક્ષ અને અસરકારક રીતે કરી શકે. આ સીડીઆરઆઈને આમાં મદદ કરશે.

❖ **તાજેતરમાં એક મહત્વના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે સેકસ વર્કને એક વ્યવસાય તરીકે માન્યતા આપી છે અને જણાવ્યું છે કે તેના દેશભરના વ્યાવસાયિકો રાષ્ટ્રના કાનૂન અન્વયે સન્માન અને સમાન સુરક્ષાના હકદાર છે.**

→ સુપ્રીમ કોર્ટે ભારતીય બંધારણના અનુચ્છેદ 142 અંતર્ગત તેને પ્રાપ્ત વિશેષ સત્તાઓનો ઉપયોગ કર્યો હતો. અનુચ્છેદ 142 સુપ્રીમ કોર્ટને વિવેકાધીન શકિત પ્રદાન કરે છે. તેમાં જણાવ્યું છે કે સુપ્રીમ કોર્ટ તેના અધિકાર ક્ષેત્રનો પ્રયોગ કરતા એવી ડિક્રી પસાર કરી શકે છે અથવા એવો આદેશ આપી શકે છે જે તેની સમક્ષ પેન્ડિંગ કોઈપણ કેસમાં પૂર્ણ ન્યાય કરવા માટે આવશ્યક હોય. રાષ્ટ્રીય માનવાધિકાર પંચે વર્ષ 2020માં સેકસ વર્કરને અનૌપચારિક (અસંગઠિત) શ્રમિક તરીકે માન્યતા આપી હતી.

❖ **21 જૂન, 2022ના રોજ દેશ–દુનિયામાં આઠમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો હતો.**

→ કર્ણાટકના મૈસુરના મૈસુર પેલેસ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા મુખ્ય કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 15,000 થી પણ વધુ લોકો સાથે યોગ કર્યા હતા.

→ ઈન્ટરનેશનલ ડે ઓફ યોગ 2022ની થીમ 'યોગ ફોર હ્યુમેનિટી' વધતી જતી સ્વાસ્થ્ય સમસ્યાઓ મધ્યે શારીરિક પ્રવૃત્તિ કેટલી મહત્વની છે તે દિશામાં સમગ્ર અભિગમને પ્રોત્સાહિત કરે છે.

→ કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનસુખ માંડવિયાએ ગુજરાતના કેવડિયા (એકતાનગર) ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સાંનિધ્યમાં યોગ દિવસ ઉજવ્યો હતો.

→ 8મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી સાબરમતી રિવર ફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય નાણાં રાજ્ય મંત્રી ડૉ. ભાગવત કિશનરાવ કરાડ તેમજ રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં કરાઈ હતી. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે, ત્યારે ગુજરાતમાં 75 આઈકોનિક સ્થળોએ યોગપ્રેમીઓ થકી યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

→ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 8મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પૂર્વસંધ્યાએ ડિરેક્ટોરેટ ઓફ આયુષ દ્વારા તૈયાર 'વિશ્વ યોગ દિવસ – સામાન્ય યોગ અભ્યાસક્રમ' પુસ્તિકાનું વિમોચન રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં કર્યું હતું.

## આંતરરાજ્ય

❖ **રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે જાહેરાત કરી છે કે રાજ્યના વિવિધ રમતવીરો માટે રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કારની સ્થાપના કરવામાં આવશે.**

→ આ ઉપરાંત રાજીવ ગાંધી ગ્રામીણ ઓલિમ્પિકસ 29 ઓગસ્ટ, 2022 થી શરૂ થશે, આ ઈવેન્ટમાં તમામ ઉંમરના ખેલાડીઓ ભાગ લેશે.

→ આ ઈવેન્ટનો રાજ્ય દ્વારા પ્રતિભા શોધ માટેના પ્લેટફોર્મ તરીકે ઉપયોગ કરવામાં આવશે અને રમત–ગમતનું વાતાવરણ પણ બનાવશે.

❖ **આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાય.એસ.જગન મોહન રેડ્ડીએ 'ACB 14400' નામની એપ લોન્ચ કરી છે.**

→ રાજ્યભરની સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર અટકાવવા માટે આ એપ લોન્ચ કરવામાં આવી છે. આ એપ એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા વિકસાવવામાં આવી છે. આ એપ દ્વારા લોકો રાજ્યમાં કોઈપણ સરકારી અધિકારી સામે ભ્રષ્ટાચાર સંબંધિત ફરિયાદો નોંધાવી શકે છે. અગાઉ લોકો ટોલ ફ્રી નંબર 14400 દ્વારા ફરિયાદો નોંધાવી શકતા હતા, પરંતુ તેની પાસે પુરાવા સબમિટ કરવાનું સાધન ન હતું. આથી એસીબી નોંધાયેલા કેસોનું સમાધાન કરી શકતી ન હતી.

❖ **મહારાષ્ટ્ર પાંચ વર્ષ પછી ફરી એકવાર ભારતનું ટોચનું ખાંડ ઉત્પાદક રાજ્ય બન્યું છે.**

→ મહારાષ્ટ્રએ ખાંડના ઉત્પાદનમાં ઉત્તરપ્રદેશને પાછળ છોડી દીધું છે. વર્ષ 2021-22 માટે મહારાષ્ટ્ર દ્વારા ખાંડનું કુલ ઉત્પાદન 138 લાખ ટન છે. જ્યારે વર્ષ 2021-22માં ઉત્તરપ્રદેશ દ્વારા કુલ 105 લાખ ટન ખાંડનું ઉત્પાદન થયું છે.

❖ **ચંદીગઢમાં 'ચંદીગઢ IAF હેરિટેજ સેન્ટર' સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.**

→ ચંદીગઢ IAF (ભારતીય વાયુસેના) હેરિટેજની સ્થાપના બહુવિધ યુદ્ધોમાં ભારતીય વાયુસેનાની ભૂમિકા અને એકંદર કામગીરી દર્શાવવા માટે કરવામાં આવશે. તેની સ્થાપના વાયુસેના અને ચંદીગઢ પ્રશાસન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવશે. આ હેતુ માટે કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢ અને ભારતીય વાયુસેના વચ્ચે એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ભારતમાં આ પ્રથમ કેન્દ્ર હશે. તે ચંદીગઢના સેક્ટર 18માં અગાઉના પ્રિન્ટિંગ પ્રેસમાં સ્થાપિત કરવામાં આવી રહ્યું છે.

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મહારાષ્ટ્રના પૂણે જિલ્લાના દેહૂ ખાતે સંત તુકારામ શિલા મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ શિલા મંદિર એ એક પથ્થરની સ્લેબ (શિલા)ને સમર્પિત મંદિર છે જેના પર સંત તુકારામે 13 દિવસ સુધી ધ્યાન કર્યું હતું. જે ખડક પર બેસીને તેમણે 13 દિવસ સુધી ધ્યાન કર્યું તે પવિત્ર અને વરકરી સમુદાય માટે તીર્થસ્થાન માનવામાં આવે છે.

→ સંત તુકારામ વરકરી અથવા વારકારી સંત અને કવિ હતા. આ સંપ્રદાય સમગ્ર મહારાષ્ટ્રમાં ફેલાયેલો છે અને તેના કેન્દ્રમાં સંત તુકારામ અને તેમના કાર્યો છે. તેઓ અભંગ ભકિત કવિતા અને કીર્તનના નામથી નોંધપાત્ર આધ્યાત્મિક ગીતો દ્વારા સમુદાય ઉન્મુખ પૂજા માટે જાણીતા હતા.

❖ **તાજેતરમાં કેરળમાં સુરક્ષા–મિત્ર પ્રોજેકટ કાર્યરત થયો છે.**

→ સુરક્ષા–મિત્ર પ્રોજેકટ એ વાહન મોનિટરિંગ સિસ્ટમ છે. તે કોઈપણ દુર્ઘટનાના કિસ્સામાં તકલીફનો સંદેશ મોકલે છે. મોટર વાહન વિભાગે નિર્ભયા યોજના હેઠળ આ પ્રોજેકટ શરૂ કર્યો છે. મુસાફરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ બને તો માલિકોના મોબાઈલ ફોન પર સિસ્ટમ ડિસ્ટ્રેસ મેસેજ મોકલશે. વાહનો સાથે વ્હીકલ લોકેશન ટ્રેકિંગ ડિવાઈસ (VLTD) ફીટ કરવામાં આવશે. જો વાહન અકસ્માતમાં સંડોવાયેલ હોય અથવા જો ડ્રાઈવર વાહનને વધુ ઝડપે ચલાવે તો માલિકોને VLTD તરફથી SMS એલર્ટ પ્રાપ્ત થશે.

❖ **તાજેતરમાં તેલંગાણા સરકારે હૈદરાબાદમાં ભારતનું પ્રથમ ડિસ્પ્લે ફેબ્રિકેશન યુનિટ સ્થાપવા માટે બેંગ્લુરુ સ્થિત Elest સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે.**

→ આ ડિસ્પ્લે ફેબ્રિકેશન યુનિટ રૂ. 24,000 કરોડના રોકાણ સાથે સ્થાપિત કરવામાં આવશે જે ઈલેક્ટ્રોનિકસ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયના ઈન્ડિયા સેમિકન્ડકટર મિશન પ્રોગ્રામ હેઠળ સ્થાપિત કરવામાં આવશે. તેલંગાણામાં ડિસ્પ્લે ફેબની સ્થાપનાથી ભારતને યુએસએ, ચીન અને જાપાન જેવા દેશોની સાથે વૈશ્વિક નકશા પર મૂકવામાં આવશે. ભારત સેમિકન્ડકટર મિશનની જાહેરાત થઈ ત્યારથી તેલંગાણા સરકાર રાજ્યમાં ફેબ્રિકેશન એકમો સ્થાપવા માટે મિશન મોડ પર કામ કરી રહી છે.

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હિમાચલ પ્રદેશના શિમલામાં 'ગરીબ કલ્યાણ સંમેલન'ને સંબોધિત કર્યું હતું.**

→ આ કાર્યક્રમનું આયોજન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારના 8 વર્ષ પૂર્ણ થવાના અવસરે કરવામાં આવ્યું હતું. તેનું આયોજન દેશભરના જિલ્લાઓનાં મુખ્યમથકો, રાજ્યોની રાજધાનીઓ અને કૃષિ વિકાસ કેન્દ્રોમાં આવ્યું હતું. આ સંમેલનનું આયોજન એટલા માટે કરાયું હતું કે ભારતભરના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ કેન્દ્ર સરકાર દ્વારા ચલાવાઈ રહેલા વિવિધ કલ્યાણકારી કાર્યક્રમો અંગે પ્રતિક્રિયા મેળવવા જનતા સાથે સીધી વાતચીત કરી શકે. આ આયોજનમાં દેશભરના PM કિસાન યોજનાના વિવિધ લાભાર્થીઓ સાથે વાત કરી હતી. વડાપ્રધાને PM કિસાન સન્માન નિધિ યોજના હેઠળ મળતા લાભનો 11મો હપ્તો પણ જાહેર કર્યો હતો.

❖ **મહારાષ્ટ્રના રાજયપાલ ભગતસિંહ કોશ્યારીએ એકનાથ શિંદેને રાજયના 20મા મુખ્યમંત્રી તરીકે પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા.**

→ ભાજપના નેતા અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે થોડી રાજયના નાયબ મુખ્યમંત્રીપદના શપથ લીધા હતા.

→ 20 જૂન, 2022ના રોજ મહારાષ્ટ્ર વિધાન પરિષદની ચૂંટણી પછી શિવસેનાના નંબર–2 ગણાતા વિશ્વાસુ નેતા એકનાથ શિંદે ત્રણ મંત્રી અને 29 ધારાસભ્યો સાથે રાતોરાત બળવો પોકારી સુરત આવી ગયા હતા અને ત્યાંથી બે દિવસ પછી આસામના ગુવાહાટી પહોંચ્યા હતા. શિંદેએ શરત મૂકી હતી કે શિવસેના ભાજપ સાથે ગઠબંધન કરીને સરકારની રચના કરે તો જ તેઓ વાપસી કરશે. આ શરત પછી શિવસેના રાજકીય શીર્ષાસનની મુદ્રામાં આવી ગઈ હતી. બીજી તરફ, શિંદેના સમર્થક ધારાસભ્યોની સંખ્યા ઉત્તરોત્તર વધતી થઈ હતી અને એક તબક્કે તો નવ મંત્રીઓ સહિત શિવસેનાના 40 અને અન્ય સમર્થક પક્ષો તથા અપક્ષો સાથે 50 જેટલા ધારાસભ્યોનો ટેકો મેળવી લેતાં ઉદ્ધવ સરકાર લઘુમતીમાં મૂકાઈ ગઈ હતી. ઉદ્ધવ સરકારે શિવસેનાના 16 ધારાસભ્યોને ગેરલાયક ઠરવવાની ચાલ ચાલી હતી પરંતુ સુપ્રીમ કોર્ટના ચુકાદાને પગલે તેમાં નિષ્ફળતા મળી હતી. એ પછી ભાજપે રાજયપાલને ઉદ્ધવ સરાકર લઘુમતીમાં આવી ગઈ હોવાનું જણાવતા રાજયપાલે 29 જૂન, 2022ના ફ્લોર ટેસ્ટનો આદેશ આપ્યો હતો. જેની સાથે સુપ્રીમ કોર્ટમાંથી સ્ટે મેળવવાનો દાવપેચ પણ ચાલ્યો ન હતો અને આખરે ઉદ્ધવ ઠાકરેએ 28 જૂન, 2022ના શિવસેના, કોંગ્રેસ અને NCPના ગઠબંધનથી બનેલી મહાવિકાસ અઘાડી સરકારના મુખ્યમંત્રીપદેથી તેમજ મહારાષ્ટ્ર વિધાન પરિષદના સભ્ય તરીકે રાજીનામું આપી દેતાં રાજ્યમાં વૈકલ્પિક સરકાર રચવાનો માર્ગ મોકળો થયો હતો.

❖ **નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા રાજ્ય મંત્રી ભગવંત ખુબાએ કર્ણાટકના બીદરમાં આયોજિત કાર્યક્રમમાં અખિલ ભારતીય રૂફટોપ સોલર જાગૃતિ અભિયાનનો શુભારંભ કર્યો છે.**

→ આ અભિયાનનું નામ 'ઘર કે ઉપર, સોલર ઈઝ સુપર' છે. આ અભિયાનનો ઉદેશ સ્થાનિક સરકાર, નાગરિકો, RWA અને નગરપાલિકાઓને સૌર રૂફટોપ વિષે જાગૃતિ ફેલાવવા મટો એકસાથે ભેગા કરવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ધારિત પંચામૃત લક્ષ્યો અંતર્ગત નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય 2030 સુધીમાં 500 મેગાવોટ બિન–અશ્મિભૂત ઈંધણનું લક્ષ્ય પ્રાપ્ત કરવાની દિશામાં કાર્ય કરી રહ્યું છે.

❖ **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ની મદદથી આરોગ્ય ખાતાઓને સંસ્થાગત બનાવનારું રાજસ્થાન દેશનું પ્રથમ રાજ્ય છે.**

→ જે આરોગ્ય ક્ષેત્ર માટે ખર્ચ કરવામાં આવેલી રકમ અને તેની અસરનું અનુમાન લગાવવામાં મદદ કરશે. રાજસ્થાન સરકાર આરોગ્ય માટે કુલ બજેટના 7 ટકા ફાળવે છે, જે રાષ્ટ્રીય સરેરાશથી વધુ છે.

❖ **તાજેતરમાં કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામને આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે ગોવામાં ધરોહર નામના રાષ્ટ્રીય સીમા શુલ્ક અને GST મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ ધરોહર 2 માળની વાદળી રંગની ઈમારત છે જેને ગોવામાં પોર્ટુગીઝ શાસન સમયે અલ્ફાન્ડેગા નામે ઓળખવામાં આવતી હતી. ધરોહર ભારતમાં તેના પ્રકારનું પ્રથમ મ્યુઝિયમ છે જે ભારતીય સીમા શુલ્ક (કસ્ટમ્સ) દ્વારા જપ્ત કરવામાં આવેલી કલાકૃતિઓને પ્રદર્શિત કરશે અને સાથે જ ભારતની આર્થિક સરહદો વનસ્પતિઓ અને જીવો, ભારતની વિરાસત અને સમાજની સુરક્ષા માટે સીમા શુલ્ક વિભાગ દ્વારા કરવામાં આવેલા કાર્યોના અનેક પાસાંઓને રજૂ કરે છે.

❖ **લંડન ટેક વીક 2022માં જાહેર એશિયાના ગ્લોબલ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ રિપોર્ટમાં કેરળના સ્ટાર્ટઅપ પારિસ્થિતિકી તંત્રને પ્રથમ સ્થાન મળ્યું છે.**

→ એફોર્ડેબલ ટેલેન્ટના સંદર્ભમાં કેરળને ચોથું સ્થાન પ્રાપ્ત થયું છે. આ રિપોર્ટ કેરળ સ્ટાર્ટઅપ મિશન (KSUM) દ્વારા તેને સ્ટાર્ટઅપ પાવરહાઉસ તરીકે સ્થાપિત કરવા ઉઠાવેલા રચનાત્મક પગલાંઓને માન્યતા આપે છે.

→ આ રેન્કિંગ કેરળને સ્ટાર્ટઅપનું એક મજબૂત નેટવર્ક બનાવવામાં મદદ કરશે જે તેના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ રિપોર્ટ વૈશ્વિક સરકારો, પ્રેરક સ્ટાર્ટઅપ સંસ્થાપકો, રોકાણકારો અને કોર્પોરેટ અગ્રણીઓને સમાજ માટે ટેકનોલોજીની શકિત પર ચર્ચા કરવા માટે એક સાથે લાવવા જાહેર કરવામાં આવ્યો છે.

## ગુજરાત

❖ **તાજેતરમાં વડાપ્રધાને ગુજરાતના ગાંધીનગરના કલોલમાં આવેલા IFFCO ખાતે દેશના પ્રથમ 'નેનો લિકિવડ યુરિયા પ્લાન્ટ'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

→ વડાપ્રધાને મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે 'સહકારથી સમૃદ્ધિ' પર વિવિધ સહકારી સંસ્થાઓના નેતાઓના સેમિનારને સંબોધિત કરતી વખતે નવા પ્લાન્ટનું વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન કર્યું હતું.

→ IFFCO એ સમગ્ર વિશ્વના ખેડૂતો માટે સૌપ્રથમ 'નેનો યુરિયા લિકિવડ' તૈયાર કર્યું છે. IFFCO એ જણાવ્યું હતું કે નેનો લિકિવડ યુરિયાની 500 મિલિલીટરની બોટલ ઓછામાં ઓછી સામાન્ય યુરિયાની 1 બેગ બરાબર હશે. તેનું નિર્માણ કલોલમાં IFFCOમાં સ્થિત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટરમાં 'આત્મનિર્ભર ભારત અભિયાન' અને 'આત્મનિર્ભર કૃષિ અભિયાન' હેઠળ કરવામાં આવ્યું છે.

❖ **ગુજરાત રાજ્યના કલાઈમેટ ચેન્જ વિભાગ અને ઈશા આઉટરિચ વચ્ચે કલાયમેટ એકશન–જમીન સંરક્ષણ અંતર્ગત 'માટી બચાવો' અથવા 'Save Soil' માટેના MoU અમદાવાદ ખાતે કરવામાં આવ્યા હતા.**

→ આ MoU મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ઈશા ફાઉન્ડેશનના સંસ્થાપક આધ્યાત્મિક ગુરુ સદગુરૂ જગ્ગી વાસુદેવની પ્રેરક ઉપસ્થિતિમાં થયા હતા. નોંધનીય છે કે માટી બચાવોના આ અભિયાન માટે વિશ્વવ્યાપી જાગૃતિ કેળવવા ઈશા ફાઉન્ડેશનના સ્થાપક જગ્ગી સદગુરૂ 100 દિવસની 30 હજાર કિલોમીટરની બાઈક યાત્રા પર નિકળયા છે.

→ આ સાથે 'માટી બચાવો'ની વૈશ્વિક ચળવળમાં આ MoUની અભિનવ પહેલ દ્વારા સહયોગ આપનારું દેશનું પ્રથમ રાજ્ય ગુજરાત બન્યું છે.

- **કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રાલય દ્વારા શરૂ કરાયેલી 'PM યશસ્વી યોજના'નું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશકિતકરણ મંત્રી ડો. વિરેન્દ્ર કુમાર અને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અધિકારિતા મંત્રી પ્રદીપભાઈ પરમારની ઉપસ્થિતિમાં ગાંધીનગરથી લોન્ચિંગ કર્યું હતું.**
  - → આ સંદર્ભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે સમાજના વંચિત, પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગ અને ડી–નોટીફાઈડ જનજાતિના બાળકો વિદ્યાર્થીઓને વિવિધ શિક્ષણ સહાય યોજનાનો લાભ અંડર વન અમ્બ્રેલા આપવાની પહેલ વડાપ્રધાને કરી છે.
  - → PM યશસ્વીનું પૂરું નામ 'PM young Achivers Scholarship award scheme for vibrant India for OBCs and others છે.
  - → કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા રાજયના અન્ય પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી–વિમુકત જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન મળે તથા વિદ્યાર્થીઓના કલ્યાણ માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.
  - → આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકારના 60 ટકા અને રાજ્ય સરકારના 40 ટકા ફાળાથી યોજનાનો અમલ વર્ષ 2022-23 થી વર્ષ 2025-26 સુધી કરવામાં આવશે. આ યોજના વિદ્યાર્થીઓના શિક્ષણ અને કૌશલ્યવર્ધનમાં માઈલસ્ટોન સાબિત થશે.
  - → પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત રાજ્યના ધોરણ 9 અને ધોરણ 10 ના સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા અન્ય પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી – વિમુકત જાતિના વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂ.50,000 ધ્યાને લઈ વાર્ષિક રૂ. 4000 શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીઓને DBT મારફતે સીધા જ તેઓના બેંક ખાતામાં ચૂકવવામાં આવશે.
  - → આ ઉપરાંત પોસ્ટ–મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત, રાજ્યના 10 પછીના અભ્યાસ કરતા અન્ય પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ અને વિચરતી–વિમુકત જાતિના વિદ્યાર્થીઓના વાલીની વાર્ષિક આવક મર્યાદા રૂ. 25,000 ધ્યાને લઈ ચાર ગ્રુપમાં વાર્ષિક રૂ. 5000 થી રૂ. 20,000 સુધીની શિષ્યવૃત્તિની રકમ વિદ્યાર્થીઓને DBT મારફતે સીધા જ તેઓના બેંક ખાતામાં ચૂકવવામાં આવશે.
  - → આ યોજના બે ઘટકમાં વિભાજિત કરવામાં આવી છે. જે પૈકી ટોપ કલાસ સ્કૂલ ઘટક અંતર્ગત આગામી પાંચ વર્ષમાં સમગ્ર ભારતની 21,000 શાળાઓને શોર્ટલિસ્ટ કરી 1608 કરોડ જેટલી રકમની શિષ્યવૃત્તિનું આયોજન છે. જ્યારે ટોપ કલાસ કોલેજ ઘટક અંતર્ગત 259 કોલેજોને શોર્ટલિસ્ટ કરી 2342 કરોડ જેટલી રકમની શિષ્યવૃત્તિનું આયોજન છે.
- **તાજેતરમાં વડાપ્રધાને અમદાવાદના બોપલ ખાતે 'ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન' (IN-SPACE)ના મુખ્યાલયનું ઉદ્‌ઘાટન કર્યું હતું.**
  - → આ મુખ્યાલયને જૂન, 2020માં કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. IN-SPACE એ અવકાશ પ્રવૃત્તિઓ અને બિન–સરકારી ખાનગી સંસ્થાઓને અવકાશ સુવિધાઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપવા માટે નોડલ એજન્સી હશે.
  - → આ સંસ્થાની રચનાનો મુખ્ય ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) તેની આવશ્યક પ્રવૃત્તિઓ જેમ કે સંશોધન અને વિકાસ, ગ્રહોની શોધ અને અવકાશનો વ્યૂહાત્મક ઉપયોગ વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરી શકે તથા અન્ય સહાયક કાર્યો ખાનગી ક્ષેત્રને ટ્રાન્સફર કરી શકાય. આ ઉપરાંત આ સંસ્થા વિદ્યાર્થીઓ અને સંશોધકો વગેરેને ભારતની અવકાશ અસ્કયામતોમાં વધુ એકસેસ પ્રદાન કરશે.
- **વડાપ્રધાને ગુજરાતના નવસારીના ખુડવેલ ખાતે 'ગુજરાત ગૌરવ અભિયાન' હેઠળ રૂ. 3,050 કરોડના ખર્ચે અનેક વિકાસલક્ષી પ્રોજેકટનું ઉદ્‌ઘાટન, શિલાયન્સ અને ભૂમિપૂજન કર્યું હતું.**
  - → આ કાર્યક્રમમાં અંદાજિત રૂ. 900 કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ, રૂ. 650 કરોડના વિકાસ કાર્યોનું ખાતમૂહુર્ત અને રૂ. 1500 કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ભૂમિપૂજન કર્યું હતું.
  - → આમ વડાપ્રધાને 7 યોજનાઓના લોકાર્પણ, 12 યોજનાઓના ખાતમૂહુર્ત અને 14 યોજનાઓનું ભૂમિપૂજન કર્યું હતું. આ પ્રોજેકટ નવસારી, સુરત, તાપી, ડાંગ અને વલસાડ જિલ્લાના લોકોનું જીવન સરળ બનાવશે.
  - → આ પ્રોજેકટ આ વિસ્તારના પાણી પુરવઠા, આરોગ્ય સેવાઓ, ઊર્જા અને રોડ કનેકિટવિટી વધારશે. આ ઉપરાંત વડાપ્રધાને નવસારી ખાતે અંદાજિત રૂ. 542 કરોડના ખર્ચે નિર્માણ પામનારી સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલનું પણ ભૂમિપૂજન કર્યું હતું. ગુજરાતના આદિવાસી વિસ્તારમાં સૌપ્રથમવાર આટલા મોટા પાયા પર અનેક વિકાસના પ્રોજેકટ એક સાથે હાથ ધરવામાં આવી રહ્યા છે.
- **વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને મળેલી આર્થિક બાબતોની કેબિનેટ કમિટીએ ધોલેરામાં ન્યૂ ગ્રીનફિલ્ડ એરપોર્ટ વિકાસ પ્રોજેકટના પ્રથમ તબક્કાને રૂ. 1305 કરોડના ખર્ચે હાથ ધરવા મંજૂરી આપી છે.**
  - → આ પ્રોજેકટ આગામી 48 મહિનામાં પૂર્ણ કરવાનો રહેશે. આ પ્રોજેકટ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, નેશનલ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર ડેવલપમેન્ટ એન્ડ ઈમ્પલીમેન્ટેશન ટ્રસ્ટ તથા ગુજરાત સરકારના સંયુકત સાહસ ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડ મારફતે સાકાર થવાનો છે. અમદાવાદથી 80 કિ.મી.ના અંતરે આવેલું સૂચિત ધોલેરા એરપોર્ટ આગામી 2025-26 સુધીમાં કાર્યરત થવાનું આયોજન છે.
- **તાજેતરમાં ગુજરાત રાજ્યના પાંચ જિલ્લાઓમાં લગભગ 1,229 જેટલા પશુઓને લમ્પી સ્કિન ડિસીઝ (LSD) અથવા ગાંઠદાર ત્વચા રોગનો ચેપ લાગ્યો છે.**
  - → LSD એ ગાય અથવા ભેંસના પોકસવાયરસ લમ્પી સ્કિન ડિસીઝ વાયરસ (LSDU) ના ચેપના કારણે થાય છે. લમ્પી સ્કિન ડિસીઝ ઝામ્બિયામાં 1929માં પ્રથમ વખત મહામારી તરીકે જોવા મળ્યો હતો. શરૂઆતમાં તે ઝેર અથવા જંતુના ડંખનું સંવેદનશીલ પરિણામ હોવાનું માનવમાં આવ્યું હતું.
  - → ગાંઠદાર ત્વચા રોગ મુખ્યત્વે મચ્છર અને માખીઓના કરડવાથી અને કીડા (વેકટર)ના કરડવાથી થાય છે. તેમના મુખ્ય લક્ષણોમાં તાવ, આંખો અને નાકમાંથી પ્રવાહીનો સ્ત્રાવ, મોંમાથી લાળ ટપકવી અને શરીર પર ફોલ્લાઓનો સમાવેશ થાય છે. આ રોગથી પીડિત પ્રાણી ખાવાનું બંધ કરી દે છે અને ચાવતી વખતે અથવા ખાતી વખતે સમસ્યાઓનો સામનો કરે છે. આ રોગો સામે રસીકરણ ભારતના પશુધન આરોગ્ય અને રોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ કરવામાં આવે છે.

❖ **ગુજરાતના વન વિભાગ દ્વારા રાજ્યના બિન વન વિસ્તારમાં કરવામાં આવેલી 5મી વૃક્ષ ગણતરીના અહેવાલ અનુસાર, રાજ્યમાં છેલ્લાં 20 વર્ષમાં 14.65 કરોડ વૃક્ષોનો વધારો થયો છે.**

→ 2021ના આ સર્વે અનુસાર, રાજ્યમાં વન વિસ્તાર સિવાયના પ્રદેશમાં કુલ 39.75 કરોડ વૃક્ષો છે. રાજ્યમાં સૌથી વધુ વૃક્ષો આણંદ જિલ્લામાં આવેલા છે. જ્યારે સૌથી વધુ વૃક્ષો ધરાવતા જિલ્લાઓમાં અમદાવાદાનો ક્રમ છેક 29મો છે.

→ અહેવાલ અનુસાર, વર્ષ 2001માં વૃક્ષોની સંખ્યા 25.10 કરોડ હતી. જે 20 વર્ષમાં 58%નો વધારો સૂચવે છે. આ સર્વે મુજબ, રાજ્યમાં વૃક્ષોની સંખ્યા 2001માં પ્રતિહેક્ટર 14.01 હતી, તે 2021માં 25.75 થઈ છે. રાજ્યમાં વૃક્ષોની સંખ્યાની દૃષ્ટિએ આણંદ જિલ્લો સૌથી સમૃદ્ધ છે. અહીં હેક્ટર દીઠ વૃક્ષોની સંખ્યા 71.44 છે. તે પછી ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં 70.59, વલસાડમાં 69.50, મહેસાણામાં 67.62 અને વડોદરામાં 64.35 છે. જ્યારે સૌથી ખરાબ સ્થિતિ સુરેન્દ્રનગરની છે. અહીં પ્રતિહેક્ટર માત્ર 4.50 વૃક્ષો છે. અમદાવાદ જિલ્લામાં આ પ્રમાણ 10.38 છે. વૃક્ષોની ગીચતાને લઈને સુરત સમગ્ર રાજ્યમાં 11મા ક્રમે, ભાવનગર 20મા તો રાજકોટ 28મા ક્રમે છે.

→ ગુજરાતમાં ટ્રી કવર (વૃક્ષ આવરણ)નું પ્રમાણ પણ વધુ છે. 2001માં 2.06% હતું. તે વધીને 2019માં 6.11% થયું છે, જે છેલ્લાં 19 વર્ષમાં 196%નો વધારો સૂચવે છે.

→ ગુજરાતમાં ગ્રીન કવર (હરિત આવરણ)નું પ્રમાણ 11.52% જેટલું છે. જે દેશના 24.16% ની દૃષ્ટિએ ઓછું છે. જો કે, તેના માટે રાજ્યમાં રણ પ્રદેશ, પાણીની અછત, લોકજાગૃતિનો પૂરતો અભાવ સહિતના પરિબળો પણ જવાબદાર મનાય છે.

❖ **શકિતપીઠ પાવાગઢના નવનિર્મિત મહાકાળી મંદિરના સુવર્ણ શિખર પર 500 વર્ષ બાદ વડાપ્રધાનના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. તેમણે આ અવસરે જણાવ્યું હતું કે યુગો બદલાય પણ આસ્થાનું પ્રતીક હંમેશા શાશ્વત રહે છે.**

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વડોદરામાં લેપ્રસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા ગુજરાત ગૌરવ અભિયાન કાર્યક્રમમાં ગુજરાતમાં રેલવેના વિવિધ રૂ. 16,369 કરોડના 18 પ્રોજેકટોનું લોકાર્પણ, ખાતમુર્હૂત અને ભૂમિપૂજન કરવા સાથે મધ્ય ગુજરાતના પાંચ જિલ્લાઓમાં વિવિધ વિભાગોના રેલવે સહિતના કુલ રૂ. 21,000 કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું હતું.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સગર્ભાઓ તેમજ મહિલાઓના પોષણની કાળજી લઈને આરોગ્ય સાચવનારી મહિલા અને બાળ કલ્યાણ વિભાગની સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ રાજ્ય સરકારની મુખ્યમંત્રી માતૃશકિત યોજના અને રાજ્યના 14 આદિજાતિ વિસ્તારોમાં પોષણ સુધા યોજનાનો શુભારંભ કરાવ્યો હતો.**

→ આ અવસરે તેમણે જણાવ્યું હતું કે ગુજરાતની મહિલાઓના સ્વસ્થ માતૃત્વ અને તંદુરસ્ત બાળપણ માટે ગુજરાત સરકારે રૂ. 811 કરોડના ખર્ચે મુખ્યમંત્રી માતૃશકિત યોજના અમલમાં મૂકી ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓને યોગ્ય પોષણ મળી રહે તે બાબત સુનિશ્ચિત કરી છે. પોષણ સુધા યોજનાનો વ્યાપ વધારીને ગુજરાતના તમામ 14 આદિવાસી જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ગર્ભવતી મહિલાઓને બપોરનું ભોજન સરકાર તરફથી આપવામાં આવશે.

→ મુખ્યમંત્રી માતૃશકિત યોજના અંતર્ગત આપવામાં આવતા લાભ અંતર્ગત ગર્ભવતી અને ધાત્રી મહિલાઓ અને તેમના નવજાત શિશુઓને પ્રારંભના 1000 દિવસો દરમિયાન પોષણયુકત ભોજન આપશે. રાજ્ય સરકાર આ યોજના હેઠળ આંગણવાડી કેન્દ્રોના માધ્યમથી દર મહિને 2 કિલો ચણા, 1 કિલો તુવેર દાળ અને એક લીટર શીંગતેલ વિનામૂલ્યે આપશે.

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરા નજીક ડભોઈ તાલુકાના કુંઢેલા ગામ ખાતે 100 એકર જમીન પર ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય (સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત) ના કાયમી કેમ્પસનો શિલાન્યાસ કર્યો હતો. તે ગુજરાતની પહેલી સેન્ટ્રલ યુનિવર્સિટી બનશે. હાલ દેશમાં કુલ 54 કેન્દ્રીય વિશ્વવિદ્યાલયો છે. તે માટેની જમીન ગુજરાત સરકારે ફાળવી છે અને કેન્દ્ર સરકારે રૂ. 743 કરોડ આપ્યા છે. PM મોદીએ નેશનલ રેલ એન્ડ ટ્રાન્સપોર્ટેશન ઈન્સ્ટિટયૂટ (NRTI)ની નવી ઈમારતનો પણ શિલાન્યાસ કર્યો હતો, જેને હવે ભારતીય ગતિશકિત વિશ્વવિદ્યાલય નામ અપાઈ રહ્યું છે.

❖ **વડોદરાની મહારાજા સયાજીરાવ (M.S.) યુનિવર્સિટી અને ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય વચ્ચે રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હી ખાતે બની રહેલા સંસદ ભવન સેન્ટ્રલ વિસ્ટાના નોલેજ પાર્ટનર તરીકે MoU કરાયા છે.**

→ જેમાં યુનિવર્સિટીની ફાઈન આર્ટ્સ સહિતની ફેકલ્ટીઓનો સમાવેશ થાય છે, વડોદરાના સિદ્ધહસ્ત કલાકારો દેશભરના ખ્યાતનામ સ્થળોની કૃતિને સેન્ટ્રલ વિસ્ટાની દિવાલો પર કંડારશે.

❖ **ગુજરાતે સોલાર રૂફટોપ ક્ષેત્રે 1873 મેગાવોટની સ્થાપિત ક્ષમતા કાર્યરત્ કરી છે.**

→ રાજ્યએ રહેણાક મકાનો પર સોલર રૂફટોપમાં છેલ્લાં 5 વર્ષોમાં 3,53,254 લાભાર્થીઓને સહાયની રકમ ચૂકવીને સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. કલાઈમેટ ચેન્જ વિભાગની સોલર રૂફટોપ યોજનામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ જ્યારે પવન ઊર્જામાં દ્વિતીય ક્રમે છે. નીતિ આયોગ દ્વારા જાહેર કરાયેલા કલાઈમેટ અને એનર્જી ઈન્ડેકસમાં આ ક્રમ જાહેર કરાયા છે.

❖ **16 જૂન, 2022ના માત્ર ઔદ્યોગિક ઉપયોગ માટે ભારતના પહેલાં સરકારી ડિસેલિનેશન પ્લાન્ટ (ખારા પાણીને મીઠું બનાવતો પ્લાન્ટ)નું ઉદ્ઘાટન ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ભરૂચના દહેજમાં કર્યું હતું.**

→ આ પ્લાન્ટ રૂ. 881.19 કરોડના ખર્ચે સ્થપાયો છે. તેનું નિર્માણ કાર્ય લાર્સન એન્ડ ટુબ્રો તથા ટેકટનની સંયુકત સાહસ કંપનીને સોંપાયું હતું. GIDC (ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન) અને પ્લાન્ટના સંચાલન અને જાળવણી માટે લાભાર્થી ઔદ્યોગિક એકમો દ્વારા એક સ્પેશિયલ પર્પઝ વેહિકલ (SPV) દહેજ દેસલ ફાઉન્ડેશનની રચના કરાઈ છે.

❖ **ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના 18 ગામોના પેટાળમાં 50 વર્ષો સુધી ચાલે તેટલો લિગ્નાઈટ કોલસાનો ભંડાર હોવાનું બહાર આવ્યા બાદ હવે આ સ્થળે કોલસાની ખાણ બનાવવા માટે જમીન સંપાદનની કાર્યવાહી હાથ ધરાશે.**

→ હાલમાં ભારતે વિશ્વના અન્ય દેશોમાંથી કોલસાની આયાત કરવી પડે છે ત્યારે વાલિયા તાલુકો દેશને લિગ્નાઈટ કોલસાના મામલે આત્મનિર્ભર બનાવશે.

❖ **ભારતની પ્રથમ બાલિકા પંચાયત ગુજરાતના કચ્છ જિલ્લાના અનેક ગામોમાં શરૂ કરવામાં આવી છે.**

→ આ પહેલ છોકરીઓના સામાજિક અને રાજનીતિક વિકાસને પ્રોત્સાહન આપવાની સાથે રાજનીતિમાં તેમની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે આરંભાઈ છે. આ પહેલ ગુજરાત સરકારના મહિલા અને બાળવિકાસ કલ્યાણ વિભાગ દ્વારા હાથ ધરાઈ છે. તેને બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાન અંતર્ગત શરૂ કરાઈ છે. વર્તમાનમાં આ પહેલ કચ્છના કુનારિયા, મોટાગુઆ, મસ્કા અને વડસર ગામમાં આદરવામાં આવી છે. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય સમગ્ર ભારતમાં આ પહેલ લાગુ કરવાની યોજના બનાવી રહ્યું છે. બાલિકા પંચાયતનું સંચાલન 11 થી 21 વર્ષની ઉંમરની યુવતિઓ કરે છે.

❖ **રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તારીખ 23 થી 25 જૂન 2022 દરમિયાન શાળા પ્રવેશોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો છે.**

→ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાની મેમદપુર પ્રાથમિક શાળા ખાતેથી 17મા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું નેતૃત્વ કરીને રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

→ નરેન્દ્ર મોદીએ ગુજરાતના શાળા શિક્ષણની સ્થિતિ બદલવા અને બાળકોના પ્રારંભિક શિક્ષણને વેગ આપવા વર્ષ 2003થી શરૂ કરાવેલા આ શાળા પ્રવેશોત્સવથી રાજ્યની શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

→ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ન્યાયમૂર્તિ અરવિંદકુમારની પ્રેરક ઉપસ્થિતિમાં અમદાવાદમાં પંડિત દીનદયાળ ઓડિટોરિયમ ખાતે ગુજરાત સિગ્નલ સ્કૂલના બાળકોનો શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા મ્યુનિ. સ્કૂલ બોર્ડના સંયુકત ઉપક્રમે તાજેતરમાં શરૂ કરાયેલી સિગ્નલ સ્કૂલના 139 બાળકોને મહાનગરપાલિકાની પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ અપાયો હતો.

❖ **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં વિશ્વમાં રમત–ગમત ક્ષેત્રે ભારત શ્રેષ્ઠ પ્રદર્શન કરે તેના સામૂહિક ચિંતન મથન માટે દેશની સૌપ્રથમ એવી રમત–ગમત અને યુવા બાબતોના મંત્રીઓની દ્વિ–દિવસીય પરિષદ સ્ટેચ્યૂ ઓફ યુનિટી – એકતાનગર ટેન્ટસિટી ખાતે યોજાઈ હતી.**

→ દેશના વિવિધ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના રમત–ગમત મંત્રીઓ, રમત–ગમતના સચિવ અને ભારત સરકારના સંબંધિત મંત્રાલયોના ઉચ્ચ અધિકારીઓ આ પરિષદમાં સહભાગી થયા હતા. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી રમતવીરોને વૈજ્ઞાનિક તાલીમ આપવાનું એક સક્ષમ માધ્યમ બની છે અને સ્પોર્ટ્સ કારકિર્દી નિર્માણનું ક્ષેત્ર પણ બની છે.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહીસાગર જિલ્લાના રૈયોલીમાં ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ દ્વારા રૂા. 16.50 કરોડના ખર્ચે નિર્મિત દેશના સૌપ્રથમ અને વિશ્વના ત્રીજા ફોસિલ પાર્ક – ડાયનાસોર મ્યુઝિયમ ફેઝ–2ના વિકાસ કામોનું લોકાર્પણ કર્યું હતું.**

→ આ મ્યુઝિયમમાં લગભગ 40 જેટલાં ડાયનોસોરના સ્કલ્પચર પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા છે. અહી બાળકોના મનોરંજન માટે 'ડિનો ફન' પણ બનાવવામાં આવ્યું છે. ફોસિલ પાર્ક અને મ્યુઝિયમ બાળકથી લઈને વડીલો સુધી તમામ ઉંમરના લોકો માટેનું એક આગવું પ્રવાસન સ્થળ છે.

❖ **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'પહેલ' સેમિનારનો પ્રારંભ ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી, અમદાવાદના મેયર કિરીટભાઈ પરમાર અને અમદાવાદ શહેર પોલીસ તેમજ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો.**

→ ગાયહેડ અને ક્રેડાઈ આ સેમિનારના સહયોગી બન્યા છે. ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ શહેર ટ્રાફિક નિયમન સરળતાથી થાય અને લોકોને વાહન ચાલનમાં વધુ સગવડતા મળે તે માટે અમદાવાદ શહેર પોલીસે ઘડેલી 'એરિયા એડોપ્શન સ્કીમ' લોન્ચ કરી હતી. આ સ્કીમ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં તબક્કાવાર લોન્ચ કરાશે. આ એરિયા એડોપ્શન સ્કીમ શરૂ થવાથી જે–તે સ્થાનિક વિસ્તારના જનસહયોગ અને સૂચનોથી ટ્રાફિક સમસ્યા નિવારી શકાશે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને મળેલી આર્થિક બાબતોની કેબિનેટ કમિટીએ ધોલેરામાં ન્યૂ ગ્રીનફિલ્ડ એરપોર્ટ વિકાસ પ્રોજેકટના પ્રથમ તબક્કાને રૂ. 1305 કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરવા મંજૂરી આપી છે.**

→ આ પ્રોજેકટ આગામી 48 મહિનામાં પૂર્ણ કરવાનો રહેશે. આ પ્રોજેકટ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ એન્ડ ઈમ્પ્લિમેન્ટેશન ટ્રસ્ટ તથા ગુજરાત સરકારના સંયુકત સાહસ ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિ. મારફતે સાકાર થવાનો છે. ધોલેરાનું આ સૂચિત ઈન્ટરનેશનલ એરપોર્ટ ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ, રિજીયનના કાર્ગો ટ્રાફિક હેન્ડલિંગ દ્વારા ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોના કાર્ગો પરિવહન હબ તરીકે વિકસાવવામાં વેગ મળશે તથા અમદાવાદ એરપોર્ટના અન્ય વિકલ્પ તરીકે પણ ઉપયોગ થશે.

❖ **ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી (IIT) ગાંધીનગરમાં નેશનલ સુપરકમ્પ્યૂટિંગ મિશન (NSM) અંતર્ગત અત્યાધુનિક સુપરકમ્પ્યૂટર પરમ અનંતાનું અનાવરણ કરવામાં આવ્યું છે.**

→ આ સુપરકમ્પ્યૂટર ઈલેકટ્રોનિકસ અને IT મંત્રાલયના ગ્રુપ કોર્ડિનેટર અને વૈજ્ઞાનિક 'G' સુમિતા વર્માએ કમિશન કર્યું હતું. આ સુપરકમ્પ્યૂટર 838 ટેરાફલોપ્સ (TF)ની સુપરકમ્પ્યૂટિંગ ક્ષમતા ધરાવે છે અને ડાયરેકટ કોન્ટેકટ લિકિવડ કૂલિંગ ટેકનોલોજી પર આધારિત છે.

❖ **ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વહેલી સવારે 6.50 કલાકે સોનાની સાવરણીથી પહિંદવિધિ કરાવી 145મી ઐતિહાસિક રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું.**

→ અષાઢી બીજે અમદાવાદના જમાલપુર સ્થિત ભગવાન જગન્નાથજીના સુપ્રસિદ્ધ મંદિરેથી જગતના નાથ ભગવાન જગન્નાથ રજવાડી શણગાર સાથે ભ્રાતા બલભદ્રજી અને ભગિની સુભદ્રાજી સાથે વાજતે ગાજતે નગરચર્ચાએ નીકળ્યા હતા.

→ વર્ષ 1878માં અમદાવાદ જગન્નાથજી રથયાત્રાનો પ્રારંભ થયો હતો. મહંત નરસિંહદાસજીએ રથયાત્રાની શરૂઆત કરી હતી.

## આંતરરાષ્ટ્રીય

- **સંયુકત રાષ્ટ્રમાં તુર્કી હવે તુર્કિયે તરીકે ઓળખાશે.**
  - → યુનાઈટેડ નેશન્સે તુર્કીનું નામ બદલીને તુર્કિયે કરવાની સત્તાવાર વિનંતીને મંજૂરી આપી દીધી છે. આ નામ વર્ષ 2021માં પસંદ કરવામાં આવ્યું હતું તથા ફેબ્રુઆરી 2022માં તુર્કીના રાષ્ટ્રપતિ રેસપ તૈયપની આગેવાની હેઠળની તુર્કીની સરકારે રાષ્ટ્રનું નામ બદલીને 'તુર્કિયે' કરવાનો નિર્ણય લીધો હતો.
  - → તુર્કીના રાષ્ટ્રપતિના જણાવ્યા અનુસાર 'તુર્કિયે' નામ દેશની સંસ્કૃતિ અને સભ્યતાનું પ્રતિનિધિત્વ કરે છે. અને રાષ્ટ્રના મૂલ્યોનું શ્રેષ્ઠ રીતે વર્ણન કરે છે. નોંધનીય છે કે તુર્કીને 'તુર્કિક ભાષા'માં તુર્કિયે નામથી ઓળખવામાં આવે છે.
- **ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સંયુકત લશ્કરી કવાયત 'Ex-SAMPRITI-X' 5 જૂન, 2022 થી બાંગ્લાદેશના જશોર મિલિટરી સ્ટેશન ખાતે શરૂ થઈ હતી.**
  - → Ex-SAMPRITI-X બંને સેનાઓ વચ્ચે આંતરકાર્યક્ષમતાને મજબૂત કરવા અને એકબીજાની ઓપરેશનલ તકનીકો અને વ્યૂહાત્મક અભ્યાસોને સમજવાના ઉદ્દેશ્ય સાથે હાથ ધરવામાં આવે છે.
  - → આ અભ્યાસમાં ભારતીય ટુકડીનું પ્રતિનિધિત્વ ડોગરા રેજિમેન્ટની બટાલિયન દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ અભ્યાસ અથવા કવાયત દરમિયાન ભારત અને બાંગ્લાદેશની સેનાઓ સંયુકત રાષ્ટ્રના આદેશ હેઠળ માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત, આંતકવાદ વિરોધી વગેરેમાં કુશળતા પ્રદાન કરશે.
- **તાજેતરમાં મંગોલિયામાં બહુરાષ્ટ્રીય શાંતિ કવાયત 'એકસ ખાન કવેસ્ટ 2022 અભ્યાસ' (Ex Khaan Quest 2022)નું આયોજન થયું હતું.**
  - → આ અભ્યાસમાં ભારત સહિત 16 દેશોની ટુકડી સામેલ છે. જેનું ઉદ્‌ઘાટન મેંગોલિયાના રાષ્ટ્રપતિ ઉખનાગીન ખુરાલસુએ કર્યું હતું. આ અભ્યાસમાં ભારતીય સેનાનું પ્રતિનિધિત્વ લદ્દાખ સ્કાઉટ્સની ટુકડી દ્વારા કરવામાં આવી રહ્યું છે.
  - → એકસ ખાન કવેસ્ટ એ એક બહુરાષ્ટ્રીય શાંતિ કવાયત છે. આમાં સંયુકત રાષ્ટ્ર શાંતિ મિશન કમાન્ડ પોસ્ટ કવાયતનો સમાવેશ થાય છે. આ અભ્યાસ શાંતિ સ્થાપના ક્ષમતાઓમાં સુધારો કરવા સંયુકત રાષ્ટ્રના મુખ્ય સિદ્ધાંતોને વધારવા અને સૈન્યથી લશ્કરી સંબંધોને મજબૂત કરવા સહભાગી દેશોની શાંતિ કામગીરી ક્ષમતાઓને વધારવા માટે રચાયેલ છે.
- **તાજેતરમાં 'ગ્લોબલ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ, 2022' બહાર પાડવામાં આવ્યો હતો.**
  - → આ રિપોર્ટમાં 163 દેશોમાં ભારત 121મા ક્રમે છે. આ અગાઉ 2020માં 117મા અને 2021માં 120મા ક્રમે હતું. આ ઈન્ડેકસમાં ફિનલેન્ડ પ્રથમ ક્રમે છે જ્યારે ડેનમાર્ક બીજા, સ્વીડન ત્રીજા અને નોર્વે ચોથા ક્રમે રહ્યું.
  - → આ રિપોર્ટ મુજબ આબોહવા, જૈવવિવિધતા, ભૌગોલિક, રાજકીય અને લશ્કરી કટોકટી વૈશ્વિક ટકાઉ વિકાસ માટે મુખ્ય અવરોધો છે. પૂર્વ અને દક્ષિણ એશિયાના ક્ષેત્રે 2015માં SDG અપનાવ્યા પછી સૌથી વધુ પ્રગતિ કરી છે. બાંગ્લાદેશ અને કંબોડિયા એવા બે દેશો છે જેમણે 2015થી SDG પર સૌથી વધુ પ્રગતિ કરી છે.
  - → ભારત સંયુકત રાષ્ટ્ર દ્વારા સતત ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) હાંસલ કરવા માટે સારી સ્થિતિમાં નથી અન્ય દેશોની સરખામણીમાં વર્ષોથી તૈયારીનો અભાવ જોવા મળ્યો છે. ભારત 17 SDGમાંથી 11 હાંસલ કરવામાં મોટા પડકારોનો સામનો કરી રહ્યું છે, જેના કારણે SDG સજ્જતા પર વૈશ્વિક રેન્કિંગ ઘટી રહ્યું છે. ભારતમાં ઉત્કૃષ્ટ કાર્ય સુનિશ્ચિત કરવું અથવા શ્રેષ્ઠતાની ખાતરી કરવી (SDG 8) વધુ પડકારરૂપ બની ગયું છે.
  - → આ રિપોર્ટ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (SDSN)ના સ્વતંત્ર નિષ્ણાતોના જૂથ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે.
- **તાજેતરમાં 'QS World University Rankings-2023' અંતર્ગત વિશ્વની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી.**
  - → વિશ્વની શ્રેષ્ઠ 1000 સંસ્થાઓની યાદીમાં ભારતની કુલ 27 સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ અગાઉના રેન્કિંગમાં ભારતની કુલ 22 સંસ્થાઓ હતી જે વધીને 27 થઈ ગઈ છે. જેમાંથી આ રેન્કિંગમાં ભારતની શિક્ષણ સંસ્થાઓમાં Indian Institute of Science, (IISc) બેંગ્લુરુ પ્રથમ ક્રમે છે. IISc, બેંગલુરુ આ રેન્કિંગમાં 155માં ક્રમે છે. IISc, બેંગ્લુરુ બાદ IIT બોમ્બે 172માં ક્રમે છે. જ્યારે આ રેન્કિંગમાં અમેરિકાની Massachusetts Institute of Technology (MIT) પ્રથમ ક્રમે છે. MIT સતત 11મા વર્ષે ટોચની યુનિવર્સિટી છે. આ રેન્કિંગમાં બીજા સ્થાને કેમ્બ્રિજ યુનિવર્સિટી અને ત્યારબાદ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીને સ્થાન મળ્યું છે.
- **થાઈલેન્ડમાં ગાંજો રાખવા અને તેની ખેતી કરવી એ હવે અપરાધ ગણવામાં આવશે નહીં, આથી થાઈલેન્ડ ગાંજાની ખેતીને માન્યતા આપનાર પ્રથમ દેશ બન્યો.**
  - → જાહેરમાં ધૂમ્રપાનના સ્વરૂપમાં તેના ઉપયોગ પર હજુ પણ પ્રતિબંધ છે. દક્ષિણ એશિયામાં સ્થિત થાઈલેન્ડ ડ્રગ કાયદાઓ માટે જાણીતું છે, આ પ્રકારનું પગલું ભરનાર એશિયાનો પ્રથમ દેશ બની ગયો છે.
- **નાસા 'DAVANCI મિશન' નામનું મિશન શરૂ કરવા જઈ રહ્યું છે.**
  - → DAVANCI નો અર્થ છે 'Deep Atmosphere Venus Investigation of Nobel Gases, Chemistry and Imaging Mission'. આ મિશન 2029માં શુક્રની નજીક ઉડાન ભરશે અને કઠોર વાતાવરણનું અન્વેષણ કરશે. આ અવકાશયાન શુક્ર ગ્રહના સ્તરીય વાતાવરણની શોધ કરશે. તે જૂન 2031 સુધીમાં શુક્રની સપાટી પર પહોંચી જશે. આ મિશન શુક્ર વિશે ડેટા મેળવશે.
- **તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા SIPRI Year Book 2022 અનુસાર વર્ષ 2022માં વિશ્વના 9 દેશો પરમાણુ શસ્ત્ર ધરાવે છે.**
  - → પરમાણુ શસ્ત્ર ધરાવતા વિશ્વના આ 9 દેશોમાં અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઈઝરાયેલ અને ઉત્તર કોરિયાનો સમાવેશ થાય છે. આ 9 દેશોમાં વર્ષ 2022માં રશિયા પાસે સૌથી વધુ 5,977 પરમાણુ શસ્ત્રો છે. રશિયા બાદ બીજા ક્રમે અમેરિકા પાસે 5428 પરમાણુ શસ્ત્રો છે. જ્યારે ભારત પાસે વર્ષ 2022માં 160 પરમાણુ શસ્ત્રો છે. નોંધનીય છે કે વર્ષ 2021માં ભારત પાસે 156 પરમાણુ શસ્ત્રો હતા.
  - → ત્યારબાદ જાન્યુઆરી 2021 અને જાન્યુઆરી 2022ની વચ્ચે પરમાણુ શસ્ત્રોની કુલ સંખ્યામાં ઘટાડો થયો છે, પરંતુ આગામી દાયકામાં તેમાં વધારો થવાની સંભાવના છે.

- → SIPRI ના રિપોર્ટ અનુસાર વર્ષ 2021 ની તુલનાએ વર્ષ 2022માં વિશ્વના કુલ પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં ઘટાડો થયો છે. જે 13,080 થી ઘટીને 12,705 થઈ ગયા છે.
- → રશિયા અને અમેરિકા પાસે મળીને 90% થી વધુ પરમાણુ શસ્ત્રો ધરાવે છે. આ રિપોર્ટ અનુસાર રશિયા અને અમેરિકાના પરમાણુ શસ્ત્રોની સંખ્યામાં ઘટાડો થયો છે. વર્ષ 2021માં ભારત પાસે 156 પરમાણુ શસ્ત્રો હતા જે વધીને 160 થયા છે. જ્યારે ચીન, ફ્રાન્સ, બ્રિટન, પાકિસ્તાન અને ઈઝરાયલ પાસે વર્ષ 2021ની જેમ 2022માં પરમાણુ શસ્ત્રોની સંખ્યા યથાવત હતી. આ રિપોર્ટ અનુસાર ભારત કરતા ચીન અને પાકિસ્તાન પાસે પરમાણુ શસ્ત્રોની સંખ્યા વધારે છે.

❖ **I2U2 પહેલના ભાગરૂપે ભારત, ઈઝરાયેલ, સંયુકત આરબ અમીરાત અને યુ.એસ. જુલાઈ 2022માં તેમની પ્રથમ વર્ચ્યુઅલ સમિટ યોજશે.**

- → શરૂઆતમાં I2U2ની રચના ઓકટોબર 2021માં ઈઝરાયેલ અને UAE વચ્ચેના અબ્રાહમિક કરારને પગલે આ પ્રદેશમાં દરિયાઈ સુરક્ષા, માળખાકીય સુવિધાઓ અને પરિવહન સંબંધિત મુદ્દાઓને ઉકેલવા માટે કરવામાં આવી હતી. તે સમયે તેને 'ઈન્ટરનેશનલ ફોરમ ફોર ઈકોનોમિક કોઓપરેશન' કહેવામાં આવતું હતું. આ ઉપરાંત તેને 'વેસ્ટ એશિયન કવાડ' પણ કહેવામાં આવતું હતું.
- → I2U2 પહેલ એ ભારત, ઈઝરાયેલ, યુ.એસ.એ અને યુ.એ.ઈનું નવું જૂથ છે. આ જૂથના નામમાં 'I2' ભારત અને ઈઝરાયેલ માટે વપરાય છે, જ્યારે 'U2' યુનાઈટેડ સ્ટેટ્સ અને સંયુકત આરબ અમીરાત માટે વપરાય છે.

❖ **તાજેતરમાં ઈન્સ્ટિટયૂટ ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટ (IMD) દ્વારા વાર્ષિક 'વિશ્વ સ્પર્ધાત્મકતા સૂચકાંક 2022' બહાર પાડવામાં આવ્યો હતો.**

- → આ ઈન્ડેક્સમાં ભારત 37માં ક્રમે છે. જ્યારે વર્ષ 2021માં ભારત 43માં ક્રમે હતું. આર્થિક પ્રદર્શનમાં થયેલા વધારાને કારણે ભારતના 43 માંથી 37માં ક્રમ છ સ્થાનનો વધારો જોવા મળ્યો છે. ટોચના 63 દેશોની યાદીમાં ડેનમાર્ક ટોચના સ્થાને છે, જ્યારે સ્વિત્ઝર્લેન્ડ બીજા અને સિંગાપોર ત્રીજા સ્થાને છે.

❖ **એશિયાનો ગ્લોબલ સ્ટાર્ટ–અપ ઈકોસિસ્ટમ રિપોર્ટ તાજેતરમાં 14 જૂન, 2022ના રોજ લંડન ટેક વીક 2022ના પ્રકાશમાં બહાર પાડવામાં આવ્યો હતો.**

- → આ રિપોર્ટમાં કેરળમાં સ્ટાર્ટ–અપ ઈકોસિસ્ટમને એશિયામાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું હતું. પોષણક્ષમ પ્રતિભાના સંદર્ભમાં કેરળને ચોથા સ્થાને રાખવામાં આવ્યું છે. આ અહેવાલ કેરળ સ્ટાર્ટ–અપ મિશન (KSUM) દ્વારા તેને સ્ટાર્ટ–અપ પાવર હાઉસ તરીકે સ્થાપિત કરવા માટે લેવામાં આવેલા રચનાત્મક પગલાંને માન્યતા આપે છે. ગ્લોબલ સ્ટાર્ટ–અપ ઈકોસિસ્ટમ ઈન્ડેકસમાં બેંગ્લોરને 22મું સ્થાન મળ્યું છે.

❖ **તાજેતરમાં ચીને 2028માં સતત વીજળી પ્રાપ્ત કરવા માટે અવકાશમાં સોલાર પાવર પ્લાન્ટ શરૂ કરવાની યોજનાનો પ્રસ્તાવ મૂકયો હતો.**

- → ચીને 2030 સુધીમાં અવકાશમાં 1 મેગાવોટનું સોલાર પાવર સ્ટેશન સ્થાપવાની યોજના બનાવી હતી. જોકે અપડેટેડ પ્લાન મુજબ ચીન 2028માં સેટેલાઈટ લોન્ચ કરશે. અવકાશ આધારિત સોલાર પાવર સ્ટેશનની સૈદ્ધાંતિક શકયતા માટે ચાઈના ચોંગકિંગના બિશન જિલ્લામાં 33 એકરમાં પરીક્ષણ સુવિધાનું નિર્માણ કરી રહ્યું છે. આ સુવિધા સ્પેસ ટ્રાન્સમિશન ટેકનોલોજી વિકસાવવામાં તેમજ પૃથ્વી પરના સજીવો પર માઈક્રોવેવ બીમની અસરનો અભ્યાસ કરવામાં મદદ કરશે.

❖ **ઈકોનોમિક ઈન્ટેલિજન્સ યુનિટ (EIU)ના ગ્લોબલ લિવેબિલિટી ઈન્ડેકસ 2022 અનુસાર, વિશ્વના સૌથી રહેવાલાયક શહેર (મોસ્ટ લિવેબલ સિટી)નો તાજ ઓસ્ટ્રિયાની રાજધાની વિયેનાને નામે છે.**

- → EIUનો સૂચકાંક 5 શ્રેણીઓમાં 30થી વધુ ગુણાત્મક અને માત્રાત્મક વિશેષતાઓના આધારે શહેરોને રેન્કિંગ પ્રદાન કરે છે : ઈન્ફ્રાસ્ટ્રકચર, સ્થિરતા, સ્વાસ્થ્ય, શિક્ષણ, સંસ્કૃતિ અને પર્યાવરણ તથા આરોગ્ય સેવા.
- → રહેવાની ક્ષમતા V/S રહેવાના ખર્ચની બાબતે હોંગકોંગને પ્રથમ ક્રમ મળ્યો છે, જ્યારે ન્યૂયોર્ક, જીનીવા, લંડન અને ટોકયો ટોપ 5 માંથી બહાર નીકળી ગયા છે.
- → ભારતના શહેરોએ વિશ્વના સૌથી રહેવાલાયક શહેરોની યાદીમાં ખરાબ પ્રદર્શન કર્યું છે. ભારતની રાજધાની નવી દિલ્હી 112મા સ્થાને છે જ્યારે ભારતની આર્થિક રાજધાની મુંબઈ 117મા સ્થાને છે.
- → પાકિસ્તાનનું શહેર કરાચી અને બાંગ્લાદેશની રાજધાની ઢાકા વિશ્વમાં સૌથી ખરાબ રહેવાલાયક શહેરોમાં સામેલ છે.

❖ **23 જૂન, 2022ના રોજ 14મું બ્રિકસ શિખર સંમેલન આભાસી રીતે યોજાયું હતું.**

- → આ સંમેલનની થીમ : 'ફોસ્ટર હાઈ–કવોલિટી બ્રિકસ પાર્ટનરશિપ, અશર ઈન એ ન્યૂ એરા ફોર ગ્લોબલ ડેવલપમેન્ટ' હતી.
- → આ શિખર સંમેલનમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસા અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ જૈર બોલ્સોનારો વર્ચ્યુઅલી ઉપસ્થિત રહેશે.

❖ **વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)ના 12મા મંત્રીસ્તરીય સંમેલન (MC12)ની સહ–યજમાની સ્વિત્ઝર્લેન્ડ અને કઝાકિસ્તાન દ્વારા 12 થી 17 જૂન, 2022 સુધી લગભગ પાંચ વર્ષોના અંતરાલ બાદ સ્વિત્ઝર્લેન્ડના જીનિવામાં WTOના વડામથકમાં કરાઈ હતી.**

- → આ બેઠકમાં 164 દેશોના વેપાર મંત્રીઓએ ભાગ લીધો હતો. તેની અધ્યક્ષતા કઝાકિસ્તાનના રાષ્ટ્રપતિના પહેલાં ડેપ્યૂટી ચીફ ઓફ સ્ટાફ તૈમૂર સુલેમેનોવે કરી હતી.
- → કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કૃષિ પરના વિષયગત સત્ર દરમિયાન WTOના MC12માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ભારતે WTOમાં વિકાસશીલ અને અલ્પવિકસિત દેશોના હિતોની રક્ષા માટે સ્પેશિયલ ફંડ ડિફરન્શિયલ ટ્રીટમેન્ટ (S&DT) જોગવાઈઓ, COVID રસીકરણમાં વૈશ્વિક અસમાનતાઓ અને ખાદ્યાન્નોની જાહેર સ્ટોકહોલ્ડિંગને જાળવી રાખવાની હિમાયત કરી હતી. આ પ્રથમ મંત્રીસ્તરીય સંમેલન હશે જેમાં ભારતે એજન્ડા નક્કી કર્યો હતો.

❖ **13 થી 24 જૂન, 2022 સુધી આંદામાન અને નિકોબાર કમાન્ડ (ANC)ના ભારતીય નૌકાદળ એકમો તથા ઈન્ડોનેશિયાના નૌકાદળ વચ્ચે 38મી ભારત ઈન્ડોનેશિયા કોઓર્ડિનેટેડ પેટ્રોલ (IND-INDO CORPAT) કવાયતનું આયોજન આંદામાન સાગર અને મલક્કની સામુદ્રધુનીમાં કરાયું હતું.**

→ 38મી CORPAT ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે મહામારી બાદની પહેલી કવાયત છે. બન્ને નૌકાદળો વર્ષ 2002થી તેઓની આંતરરાષ્ટ્રીય મેરીટાઈમ બાઉન્ડરી લાઈન (IMBL) પર CORPATનું આયોજન એક વર્ષમાં બે વખત કરે છે. તે બે મિત્ર નૌકાદળો વચ્ચે પારસ્પરિક વિશ્વાસ, તાલમેલ અને સહયોગ પર પ્રકાર ફેંકે છે. ભારત સરકારના વિઝન સાગર (SAGAR – સિક્યોરિટી એન્ડ ગ્રોથ ફોર ઓલ ઈન ધ રિજિયન) ના ભાગરૂપે ભારતીય નૌકાદળ સંકલિત પેટ્રોલિંગ કવાયત માટે હિન્દ મહાસાગર ક્ષેત્રના દેશો સાથે સક્રિય રીતે જોડાય છે.

❖ **ભારતીય નૌસેનાનું સ્ટિલ્થ ફ્રિગેટ INS તલવાર હાલમાં 'ઓપરેશન સંકલ્પ' માટે તૈનાત કરવામાં આવ્યું છે.**

→ ભારતના સમુદ્રી હિતોની સુરક્ષા કરવા માટે ઓમાનના અખાતમાં ભારતીય નૌસેના માટે સજ્જ આ ફ્રિગેટનું સતત ત્રીજું વર્ષ છે. ભારતીય નૌસેનાએ ઓમાનના અખાતમાં વ્યાપારી જહાજો પરના હુમલાઓ બાદ ક્ષેત્રમાં કથળતી સુરક્ષાની સ્થિતિ બાદ 19 જૂન, 2019ના રોજ ખાડી ક્ષેત્રમાં 'ઓપરેશન સંકલ્પ' શરૂ કર્યું હતું જેને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થનાર ભારતીય ધ્વજવાળા જહાજોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે શરૂ કરવામાં આવ્યું હતું. આ મિશન સંયુકત રીતે વિદેશ મંત્રાલય, બંદર મંત્રાલય, રક્ષા મંત્રાલય અને પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય સહિત અન્ય હિતધારકો સાથે મળીને ચલાવવામાં આવે છે.

❖ **ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટ (IMD)ના વાર્ષિક વિશ્વ સ્પર્ધાત્મકતા સૂચકાંક–2022 ની 34મી આવૃત્તિ અનુસાર, ભારત 2021ના 43મા સ્થાનેથી છ સ્થાનની છલાંગ લગાવી 2022ના રેન્કિંગમાં 37મા સ્થાને પહોંચ્યું છે.**

→ ભારતે એશિયન અર્થવ્યવસ્થામાં સૌથી ઝડપી વૃદ્ધિ નોંધાવી છે. ડેન્માર્કે ટોચનું સ્થાન હાંસલ કર્યું છે જ્યારે સ્વિત્ઝર્લેન્ડ અને સિંગાપુર ક્રમશઃ બીજા અને ત્રીજા સ્થાને છે.

❖ **યુનાઈટેડ સ્ટેટ્સ (અમેરિકા) સ્થિત કૌરસેરા (Coursera) ના નવીનતમ વાર્ષિક વૈશ્વિક કૌશલ્ય રિપોર્ટ (GSR) 2022 અનુસાર, સમગ્ર કૌશલ દક્ષતામાં ભારત વૈશ્વિક સ્તરે 68મા અને એશિયામાં 19મા સ્થાને છે.**

→ રિપોર્ટમાં સ્વિત્ઝર્લેન્ડને સમગ્ર કૌશલ્યમાં સતત બીજા વર્ષે પ્રથમ નંબર મળ્યો છે, ત્યારબાદ ડેન્માર્ક, ઈન્ડોનેશિયા, બેલ્જિયમ અને સિંગાપુરનું સ્થાન છે. રિપોર્ટમાં અમેરિકાને સમગ્ર કૌશલ દક્ષતામાં 29મું સ્થાન મળ્યું છે.

→ આ રિપોર્ટમાં ભારતના ટેકનોલોજી પ્રાવીણ્યના સ્તરમાં 38% થી 46% ની વૃદ્ધિ થઈ છે અને ડેટા સાયન્સમાં દક્ષતા 2021માં 38% ઘટીને 2022માં 26% થઈ ગઈ છે, જેથી 12 રેન્કનો ઘટાડો થયો છે. વૈશ્વિક કૌશલ રિપોર્ટ (GSR) 2021માં ભારત 67મા સ્થાને હતું.

❖ **વર્લ્ડ ડિરેકટરી ઓફ મોર્ડન મિલિટરી એરક્રાફ્ટ (WDMMA) દ્વારા જાહેર કરવામાં આવેલા ગ્લોબલ એર પાવર્સ રેન્કિંગ (2022) અનુસાર, વિશ્વભરમાં વિવિધ સશસ્ત્ર હવાઈ સેવાઓના વર્તમાન રેન્કિંગમાં ભારતીય વાયુસેના (IAF) એ છઠ્ઠો વૈશ્વિક રેન્ક હાંસલ કર્યો છે.**

→ યુનાઈટેડ સ્ટેટ્સ એર ફોર્સ (USAF) અને રશિયન વાયુસેના બાદ IAF ત્રીજી સૌથી મજબૂત વાયુસેના તરીકે ઉભરી આવી છે.

→ રિપોર્ટ અનુસાર, IAFએ ચીનની વાયુસેના, જાપાન વાયુ આત્મરક્ષા દળ, ઈઝરાયેલ વાયુસેના અને શકિતની બાબતે ફ્રેન્ચ વાયુસેનાને પાછળ છોડી દીધી છે.

❖ **તાજેતરમાં ભારત એક વૈશ્વિક જાહેર ખાનગી ભાગીદારી પહેલ 'ફર્સ્ટ મૂવર્સ કોએલિશન'માં સામેલ થયું છે.**

→ આ પહેલની શરૂઆત અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેન અને વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા COP26માં થઈ હતી. તેમાં 8.5 ટ્રિલિયન US ડોલરના સામૂહિક બજાર મૂડીરોકાણ સાથે 50 નવા કોર્પોરેટ સભ્યો સામેલ થયા છે. ફર્સ્ટ મૂવર્સ ગઠબંધનનો ઉદ્દેશ ભારે ઉદ્યોગો અને લાંબા અંતરના પરિવહન ક્ષેત્રો જેવા સૌથી વધુ કાર્બન ગહન ક્ષેત્રોને ડિકાર્બનાઈઝ કરવાનો છે જે વૈશ્વિક ઉત્સર્જનના 30% માટે જવાબદાર છે. એક અંદાજ પ્રમાણે, આ સદીના મધ્ય સુધી આ ક્ષેત્રોનું ઉત્સર્જન 50% સુધી વધી જશે માટે સ્વચ્છ ટેકનોલોજી નવાચાર અંગે ઝડપથી કાર્યવાહી કરવી અનિવાર્ય છે.

→ ભારત સિવાય ડેન્માર્ક, ઈટાલી, જાપાન, નોર્વે, સિંગાપુર, સ્વીડન અને UK સરકારી ભાગીદારો તરીકે આ ગઠબંધનમાં સામેલ થયા છે.

## અર્થવ્યવસ્થા

❖ **કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રીએ નવી દિલ્હીમાં 'ભારતીય બિઝનેસ પોર્ટલ' લોન્ચ કર્યું છે.**

→ આ પોર્ટલ ભારતીય નિકાસકારો અને વિદેશી ખરીદદારો માટે આંતરરાષ્ટ્રીય વેપારના હબ તરીકે કામ કરશે.

→ આ પોર્ટલ બિઝનેસ–ટુ–બિઝનેસ (B-2-B) મોડલનું ડિજિટલ ટ્રેડિંગ પ્લેટફોર્મ છે જે નાના, મધ્યમ નિકાસ સાહસિકો, કારીગરો અને ખેડૂતોને તેમના ઉત્પાદનો માટે નવા બજારો શોધવા અને વૈશ્વિક સ્તરે વેચાણ વધારવામાં મદદ કરશે.

→ ભારતે તેનો વિદેશી વેપાર વધારવાના ઉદ્દેશ્ય સાથે વિશ્વના વિવિધ દેશો સાથે વેપાર કરાર કર્યા છે. ભારતની વિદેશ વેપાર નીતિ હંમેશા માલસામાનના વૈશ્વિક વેપારમાં દેશનો હિસ્સો વધારવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

→ ભારત સરકારના વાણિજ્ય વિભાગે વિદેશી વેપાર પ્રવૃત્તિઓને સરળ બનાવવા અને વૈશ્વિક સ્તરે વેપારના વિસ્તરણ માટે આ વેબ પોર્ટલ વિકસાવ્યું છે.

❖ **વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC)ના રિપોર્ટ અનુસાર, ભારત હવે વિશ્વનો ચોથો સૌથી મોટો ગોલ્ડ રિસાઈકલર દેશ બની ગયો છે.**

→ વર્ષ 2021માં ભારતે 75 ટન સોનું રિસાઈકલ કર્યું હતું. આ રિપોર્ટમાં ચીન 168 ટન સોનાને રિસાઈકલ કરવાની સાથે શીર્ષ સ્થાને છે. ત્યારબાદ ઈટાલી (80 ટન) અને અમેરિકા (78 ટન) ક્રમશઃ બીજા અને ત્રીજા સ્થાને છે. WGCના આ રિપોર્ટ અનુસાર, ભારતની ગોલ્ડ રિફાઈનિંગ ક્ષમતા 2013માં 300 ટનથી વધીને 2021માં 1500 ટન થઈ છે, જે 500% નો વધારો સૂચવે છે.

- **તાજેતરમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયે પ્રધાનમંત્રી રોજગાર નિર્માણ કાર્યક્રમ (PMEGP)ને નાણાકીય વર્ષ 2026 સુધી પાંચ વર્ષ માટે લંબાવવાની મંજૂરી આપી છે.**

  → PMEGPને હવે રૂ. 13,544.42 કરોડના ખર્ચ સાથે 2021-22 થી 2025-26 સુધી પાંચ વર્ષ માટે 15મા નાણાપંચના સમયગાળા માટે ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી છે. નોંધનીય છે કે ભારત સરકારે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સૂક્ષ્મ સાહસોની સ્થાપના દ્વારા રોજગારીની તકો ઊભી કરવા માટે 2008મા પ્રધાનમંત્રી રોજગાર નિર્માણ કાર્યક્રમ (PMEGP) નામના ક્રેડિટ લિંક્ડ સબસિડી પ્રોગ્રામના પ્રારંભને મંજૂરી આપી હતી. તે ઉદ્યોગ સાહસિકોને ફેક્ટરીઓ અથવા એકમો સ્થાપવાની મંજૂરી આપે છે. તે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (MoMSME) દ્વારા સંચાલિત કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે. આ યોજનાનું અમલીકરણ ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ KVIC દ્વારા લાગુ કરવામાં આવે છે.

- **તાજેતરમાં કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી PFMS (પબ્લિક ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ સિસ્ટમ)ના સિંગલ નોડલ એજન્સી (SNA) ડેશબોર્ડની શરૂઆત કરી છે.**

  → તે આઝાદી કા અમૃત મહોત્સવ (AKAM) ઉજવણીના ભાગરૂપે નાણા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. નાણા મંત્રાલય આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવા માટે 6 થી 12 જૂન, 2022 દરમિયાન 'પ્રતિષ્ઠિત સમારોહ' ઉજવી રહ્યું છે.

  → દરેક રાજ્યોને દરેક યોજના માટે એક SNA ઓળખવા અને નિયુક્ત કરવાની જરૂર છે. SNA મોડલ સુનિશ્ચિત કરે છે કે કેન્દ્રિય પ્રાયોજિત યોજનાઓ (CSS) માટે રાજ્યોને ભંડોળની ફાળવણી સમયસર અને વિવિધ શરતો પૂરી કર્યા પછી કરવામાં આવે. પબ્લિક ફાઈનાન્સ મેનેજમેન્ટ સિસ્મટ (PFMS) એ એક વેબ આધારિત ઓનલાઈન સોફ્ટવેર એપ્લિકેશન છે જે નાણા મંત્રાલયના કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (CGA) દ્વારા વિકસિત અને અમલમાં મુકવામાં આવી છે.

- **તાજેતરમાં આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા 2020-21 માટે સામયિક લેબર ફોર્સ સર્વે (PLFS) બહાર પાડવામાં આવ્યો હતો.**

  → સામયિક લેબર ફોર્સ સર્વે (PLFS)ના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે :

  **બેરોજગારી દર :**

  ⇒ આ સર્વે દર્શાવે છે કે વર્ષ 2020-21માં બેરોજગારીનો દર ઘટીને 4.2% થયો હતો, જે વર્ષ 2019-20માં 4.8% હતો.

  ⇒ ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારીનો દર 3.3% અને શહેરી વિસ્તારોમાં 6.7% હતો.

  **શ્રમદળ ભાગીદારી દર (LEPR) :**

  ⇒ વસતીમાં શ્રમ દળમાં વ્યક્તિઓની ટકાવારી (એટલે કે કામ કરતી અથવા કામ શોધતી અથવા કામ માટે ઉપલબ્ધ) અગાઉના વર્ષના 40.1%થી વધીને વર્ષ 2020-2021 દરમિયાન 41.6% થઈ ગઈ છે.

  **વર્કર પોપ્યુલેશન રેશિયો (WPR) :**

  ⇒ પાછલા વર્ષના 38.2% થી વધીને 39.8% થયો છે.

  **સ્થળાંતર દર :**

  ⇒ સ્થળાંતર દર 29.8% છે.

  ⇒ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં મહિલાઓનો સ્થળાંતર દર અનુક્રમે 48% અને 47.8% હતો.

- **યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD) દ્વારા તાજેતરમાં વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.**

  → આ રિપોર્ટ અનુસાર પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI)ના ટોચના પ્રાપ્તકર્તા દેશોમાં ભારત 2021માં એક સ્થાન ઉપર ચઢીને 7મા સ્થાને પહોચ્યું છે. રિપોર્ટ અનુસાર, ભારતમાં 2021માં FDI પ્રવાહ ઘટીને 45 અબજ ડોલર થયો હતો જે 2020માં 64 અબજ ડોલર હતો. અમેરિકા 367 અબજ ડોલર સાથે FDI પ્રાપ્તકર્તા દેશોમાં પ્રથમ સ્થાને છે. ત્યારબાદ ચીન (181 અબજ ડોલર) બીજા ક્રમે અને હોંગકોંગ 141 અબજ ડોલર સાથે ત્રીજા ક્રમે છે. ટોચના 10 દેશોમાં માત્ર ભારતના FDI પ્રવાહમાં ઘટાડો નોંધાયો છે. ભારતમાંથી બહાર જતું FDI 2021માં 43% વધીને 15.5 અબજ ડોલર થઈ ગયું છે. ભારતમાં FDI પ્રવાહમાં ઘટાડો નોંધાયો છે. પરંતુ અનેક નવા પ્રોજેક્ટોની ઘોષણા પણ થઈ છે. મોટભાગના ઘોષિત પ્રોજેક્ટો રિન્યૂએબલ એનર્જી સંદર્ભમાં છે.

- **તાજેતરમાં સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (SRS)એ રજૂ કરેલા આંકડા અનુસાર, 2015-2019 દરમિયાન જન્મ સમયે ભારતીયોનું સરેરાશ આયુષ્ય 69.7 વર્ષ થઈ ગયું છે.**

  → જો કે, હજુ પણ તે વૈશ્વિક સરેરાશ 72.6 વર્ષથી ઓછું છે. આંકડાઓથી સ્પષ્ટ થાય છે કે 5 વર્ષથી ઓછી વયના બાળકોના મૃત્યુદર અને શિશુ મૃત્યુદરના કારણે ભારતમાં જન્મ સમયે સરેરાશ આયુષ્યને વધારવું પડકારજનક બની જાય છે. જન્મ સમયે સરેરાશ આયુષ્ય અને 1 વર્ષ કે 5 વર્ષમાં સરેરાશ આયુષ્ય વચ્ચેનો તફાવત મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં સૌથી વધુ છે. જ્યાં શિશુ મૃત્યુદર સૌથી વધુ છે. મધ્ય પ્રદેશમાં શિશુ મૃત્યુદર સૌથી વધુ 43 છે.

  → ભારતમાં જન્મ સમયે સરેરાશ આયુષ્યમાં 20 વર્ષનો વધારો થયો છે, જે 1970-75માં 49.7 વર્ષથી વધીને 2015-2019માં 69.7 વર્ષ થયું છે. તેમાં સૌથી અધિક વૃદ્ધિ ઓડિશામાં જોવા મળી છે. ત્યાં જન્મ સમયે સરેરાશ આયુષ્ય 45.7 વર્ષથી વધીને 69.8 વર્ષ થયું છે. ઓડિશા બાદ તમિલનાડુનો ક્રમ આવે છે. ત્યાં સરેરાશ આયુષ્ય 49.6 વર્ષથી વધીને 72.6 વર્ષ થયું છે. ઉત્તર પ્રદેશમાં 1970-1975માં 43 વર્ષ સાથે સૌથી ઓછું સરેરાશ આયુષ્ય હતું, જે 2015-2019માં વધીને 65.6 વર્ષ થયું છે.

  → શહેરી અને ગ્રામીણ ક્ષેત્રોમાં પણ સરેરાશ આયુષ્યમાં ઘણું અંતર જોવા મળે છે. હિમાચલ પ્રદેશની શહેરી મહિલાઓનું જન્મ સમયે સરેરાશ આયુષ્ય સૌથી વધુ (82.3 વર્ષ) હતું, જ્યારે છત્તીસગઢના ગ્રામીણ પુરુષોનું જન્મ સમયે સરેરાશ આયુષ્ય સૌથી ઓછું (62.8) હતું. આસામના ગ્રામ્ય અને શહેરી ક્ષેત્રો વચ્ચે સરેરાશ આયુષ્યમાં 8 વર્ષનો તફાવત છે. ત્યારબાદ 5 વર્ષના અંતર સાથે હિમાચલ પ્રદેશનું સ્થાન આવે છે. કેરળ એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં જન્મ સમયે ગ્રામીણ મહિલાઓ અને પુરુષોનું સરેરાશ આયુષ્ય શહેરની સાપેક્ષ વધુ છે. બિહાર અને ઝારખંડ એવા રાજ્યો છે જ્યાં શહેરી અને ગ્રામીણ એમ બન્ને ક્ષેત્રોમાં પુરુષોનું સરેરાશ આયુષ્ય મહિલાઓની તુલનામાં વધુ છે.



Banking Academy

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાણિજ્ય ભવનનું ઉદ્‌ઘાટન કર્યું અને સાથે જ નિર્યાત પોર્ટલનો પ્રારંભ કર્યો.**

→ વાણિજ્ય ભવન એ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયનું નવું પરિસર છે. ઈન્ડિયા ગેટ પાસે નિર્મિત આ ભવનનો ઉપયોગ મંત્રાલયના બે વિભાગ વાણિજ્ય વિભાગ અને ઉદ્યોગ અને આંતરિક વેપાર સંવર્ધન વિભાગ દ્વારા કરવામાં આવશે.

→ નિર્યાતનું પૂરું નામ રાષ્ટ્રીય આયાત–નિકાસ વાર્ષિક વેપાર વિશ્લેષણ રેકોર્ડ (National Import – Export Record for Yearly Analysis of Trade) છે. તેને ભારતના વિદેશ વેપાર સંબંધિત જરૂરી જાણકારી મેળવવા હિતધારકો માટે વન–સ્ટોપ પ્લેટફોર્મ તરીકે વિકસિત કરવામાં આવ્યું છે.

## પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી

❖ **ભારતીય નૌકાદળએ 34 વર્ષની સેવા બાદ INS ગોમતીને નિવૃત્ત (સેવામુકત) કરવામાં આવ્યું.**

→ INS ગોમતીને મુંબઈમાં નેવલ ડોકયાર્ડ ખાતે સૂર્યાસ્ત સમયે ડિકમિશન કરવામાં આવ્યું હતું.

→ INS ગોમતીને જ્યારે સેવાનિવૃત્ત કરવામાં આવ્યું ત્યારે તે પશ્ચિમી કાફલામાં માર્ગદર્શિત મિસાઈલ યુદ્ધ જહાજોમાં સૌથી જૂનું હતું. તેને વર્ષ 1988માં મંઝગાંવ ડોક લિમિટેડ, બોમ્બે ખાતે કાર્યરત કરવામાં આવ્યું હતું. તેમણે ઓપરેશન કેકટસ, પરાક્રમ અને ઈન્દ્રધનુષ તથા અનેક દ્વિપક્ષીય અને બહુરાષ્ટ્રીય નૌકા કવાયતમાં ભાગ લીધો હતો.

→ INS ગોમતી ગોદાવરી કલાક ગાઈડેડ મિસાઈલ ફ્રિગેટનું ત્રીજું જહાજ હતું. INS ગોમતીનો વારસો લખનૌમાં ગોમતી નદીના કિનારે બનાવવામાં આવી રહેલા ખુલ્લા સંગ્રહાલયમાં રાખવામાં આવશે.

❖ **તાજેતરમાં સંરક્ષણ મંત્રાલયે અસ્ત્ર માર્ક–1 (Asta MK-1) મિસાઈલના સપ્લાય માટે હૈદરાબાદ સ્થિત જાહેરક્ષેત્રની 'ભારત ડાયનેમિકસ લિમિટેડ' (BDL) કંપની સાથે કરાર કર્યા છે.**

→ રૂ. 2,971 કરોડના ખર્ચે ભારતીય વાયુસેના અને ભારતીય નૌકાદળના ફાઈટર જેટ પર તૈનાતી માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે અસ્ત્ર પ્રોજેકટ સત્તાવાર રીતે 2000ના દાયકાની શરૂઆતમાં વ્યાખ્યાયિત પરિમાણો અને સૂચિત ભાવિ પ્રકારો સાથે શરૂ કરવામાં આવ્યો હતો.

→ અસ્ત્ર માર્ક–1 મિસાઈલ વેરિએન્ટનો વિકાસ તબક્કો 2017ની આસપાસ પૂર્ણ થયો હતો. અને વર્ષ 2017થી અત્યાર સુધી સુખોઈ 30 MKI પર ઘણા પરીક્ષણો કર્યા હતા.

→ અસ્ત્ર એ હવામાંથી હવામાં પ્રહાર કરતી ભારતમાં બનેલી પ્રથમ મિસાઈલ છે. ભારતની સ્વદેશી બનાવટની આ મિસાઈલની ડિઝાઈન DRDO દ્વારા તૈયાર કરવામાં આવી છે અને Bharat Dynamics Limited (BDL) દ્વારા તેનું મેન્યુફેકચરિંગ કરવામાં આવે છે.

→ અસ્ત્ર એ Beyond Visual Range Air to Air Missile છે. જે ખૂબ જ વધારે સ્પીડ કરતા અને નરી આંખે જોઈ ન શકાતા લક્ષ્યને પણ તે સચોટ રીતે ભેદી શકે છે.

→ અસ્ત્ર માર્ક–1 ની રેન્જ લગભગ 110 કિ.મી. છે. જ્યારે 150 કિ.મી. થી વધુની રેન્જ સાથે અસ્ત્ર માર્ક–2 વિકસાવવામાં આવી રહી છે. આ મિસાઈલને ભારતના Sukhoi SU-30 MKI, MIG-29 તથા તેજસ જેવા ફાઈટર જેટ પર તૈનાત કરવા માટે ડિઝાઈન અને વિકસાવવામાં આવી છે.

❖ **તાજેતરમાં INS નિર્દેશકને ચેન્નાઈના કટ્ટુપલ્લી ખાતેથી લોન્ચ કરવામાં આવ્યું હતું.**

→ INS નિર્દેશક ભારતીય નૌસેનાના ચાર સર્વે વેસલ (SVL) પ્રોજેકટમાંથી બીજું છે. જેનું નિર્માણ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) દ્વારા L & T ના સહયોગથી કરવામાં આવી રહ્યું છે.

→ આ જહાજો મહત્તમ 18 નોટિકલ માઈલ અને 14 નોટિકલ માઈલની ક્રૂઝ ઝડપે ચલાવવા માટે બનાવવામાં આવ્યા છે.

→ આ SVL જહાજો સંધ્યાક વર્ગના સર્વે જહાજોનું સ્થાન લેશે. SVL જહાજોને નવી પેઢીના હાઈડ્રોગ્રાફિક સાધનો સાથે સજ્જ કરવામાં આવ્યું છે, જેથી તેઓ સમુદ્રની માહિતી એકત્રિત કરી શકે. આ જહાજો હેલિકોપ્ટરની સાથે ચાર સર્વે મોટરબોટને લઈ જવા માટે સક્ષમ હશે.

❖ **ભારતનું પ્રથમ લિકિવડ–મિરર ટેલિસ્કોપ (ILMT) 2022ની શરૂઆતમાં પ્રથમ વખત પ્રકાશમાં આવ્યું હતું.**

→ ILMT હવે કમિશનિંગ તબક્કામાં પ્રવેશી ચૂકયું છે અને આ વર્ષે ઓકટોબરમાં વૈજ્ઞાનિક અવલોકનો શરૂ કરશે.

→ તે વિશ્વનું પ્રથમ લિકિવડ–મિરર ટેલિસ્કોપ છે, જે ખગોળશાસ્ત્ર માટે કાર્યરત કરવામાં આવ્યું છે.

→ અન્ય લિકિવડ–ટેલિસ્કોપ અગાઉ કાં તો ઉપગ્રહને ટ્રેક કરવા માટે બનાવવામાં આવ્યા હતા અથવા લશ્કરી હેતું માટે ઉપયોગમાં લેવાતા હતા.

→ ઈન્ટરનેશનલ લિકિવડ–મિરર ટેલિસ્કોપ (ILMT)ની સ્થાપના દેવસ્થલ ઓબ્ઝર્વેટરી કેમ્પસમાં કરવામાં આવી છે, જેની માલિકી આર્યભટ્ટ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓબ્ઝર્વેશન સાયન્સ (ARIES), નૈનિતાલ (ઉત્તરાખંડ)ની છે.

→ આ ટેલિસ્કોપ 2,450 મીટરની ઊંચાઈએથી એસ્ટરોઈડ, અવકાશના ભંગાર, સુપરનોવા અને અન્ય તમામ અવકાશી પદાર્થોનું અવલોકન કરશે.

→ તે ILMT દેવસ્થલ ખાતે બાંધવામાં આવનાર ત્રીજી ટેલિસ્કોપ સુવિધા હશે.

→ ઓકટોબર 2022માં ILMT નું સંપૂર્ણપાયે વૈજ્ઞાનિક સંચાલન શરૂ કરવામાં આવશે.

→ તે ભારતના સૌથી મોટા ઓપરેટિંગ દેવસ્થલ ઓપ્ટિકલ ટેલિસ્કોપ (DOT) સાથે કામ કરશે.

→ ILMT ના વિકાસમાં સામેલ દેશો ભારત, બેલ્જિયમ, કેનેડા અને ઉઝબેકિસ્તાન છે.

→ LMT એક સ્થિર ટેલિસ્કોપ છે, જ્યારે પરંપરાગત ટેલિસ્કોપ આકાશમાં 'ઈન્ટિરેસ્ટ ઓફ ઓબ્જેકટ'ની દિશામાં કામ કરે છે. LMT માં પ્રતિબિંબિત પ્રવાહી સાથે અરીસાનો સમાવેશ થાય છે, જ્યારે પરંપરાગત ટેલિસ્કોપ અત્યંત પોલિશ્ડ કાચના અરીસાનો ઉપયોગ કરે છે.

❖ **તાજેતરમાં સ્વીડનના સ્ટોકહોમ ખાતે 2 થી 3 જૂન દરમિયાન 'સ્ટોકહોમ + 50' કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.**

→ આ કોન્ફરન્સનું આયોજન પ્રથમ સભાના 50 વર્ષ પૂરા થયાની યાદમાં કરવામાં આવ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય બેઠકનું આયોજન 'સંયુકત રાષ્ટ્ર મહાસભા' દ્વારા કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં વિશ્વભરના વૈજ્ઞાનિકો, સંશોધકો અને કાર્યકરો એકઠા થયા હતા. તેઓએ અશ્મિભૂત ઈંધણને તબક્કાવાર દૂર કરવા તેમજ વિકાસશીલ દેશોને સ્વચ્છ ઊર્જા તરફના સંક્રમણમાં ટેકો આપવાની ચર્ચા કરી હતી.

→ વર્ષ 1968માં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં ઉભરતા વૈજ્ઞાનિક પુરાવાઓનો ઉપયોગ કરીને આબોહવા પરિવર્તનની પ્રથમ ચર્ચા કરવામાં આવી હતી. સ્ટોકહોમ કોન્ફરન્સનો વિચાર સૌપ્રથમ સ્વીડન દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો.

→ વર્ષ 1972માં 5 થી જૂન દરમિયાન સ્ટોકહોમમાં માનવ પર્યાવરણ પર સંયુકત રાષ્ટ્ર પરિષદ યોજાઈ હતી. તે ગ્રહીય પર્યાવરણ પર પ્રથમ વૈશ્વિક સંમેલન હતું. આ કોન્ફરન્સમાં 122 દેશોએ ભાગ લીધો હતો.

❖ **ભારતીય નૌકાદળના જહાજો INS નિશંક અને INS અક્ષયને 32 વર્ષની શાનદાર સેવા બાદ સેવાનિવૃત્ત (અથવા ડિકમિશનિંગ) કરવામાં આવ્યા છે.**

→ આ ડિકમિશનિંગ ઈવેન્ટ મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે યોજાઈ હતી. પરંપરાગત સમારોહમાં રાષ્ટ્રધ્વજ, નૌકાદળનું ચિહ્ન અને જહાજોના ડિકમિશનિંગ પેનન્ટને છેલ્લી વખત સૂર્યાસ્ત સમયે નીચે ઉતારવામાં આવ્યા હતા.

→ INS નિશંક 12 સપ્ટેમ્બર, 1989 ના રોજ કાર્યરત થયું હતું. જ્યારે બીજી તરફ INS અક્ષય 10 ડિસેમ્બર, 1990 ના રોજ પોટી, જ્યોર્જિયા ખાતે કાર્યરત થયું હતું. INS નિશંક 22 મિસાઈલ વેસલ સ્કવોડ્રનનો ભાગ હતો, જ્યારે INS અક્ષફ મહારાષ્ટ્ર નેવલ એરિયાના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગના ઓપરેશનલ કંટ્રોલ હેઠળ 23 પેટ્રોલ વેસલ સ્કવોડ્રનનો ભાગ હતો. તેઓ 32 વર્ષથી વધુ સમયથી સેવામાં હતા. આ સમય દરમિયાન તેમણે કારગીલ યુદ્ધ દરમિયાન ઓપરેશન તલવાર અને 2001માં ઓપરેશન પરાક્રમ સહિત અનેક નેવલ ઓપરેશન્સમાં ભાગ લીધો હતો.

→ INS નિશંક એ 56 મીટર લંબાઈ ધરાવતી વીર વર્ગની કોર્વેટ છે, જ્યારે INS અક્ષય (P3136) એક અજય–કલાસ પેટ્રોલિંગ જહાજ છે જે 1962માં કાર્યરત થયું હતું. વર્ષ 1973માં તેમને બાંગ્લાદેશને આપવામાં આવ્યું હતું. અને INS અક્ષય (P35) 1990માં શરૂ કરાયેલ અભય કલાસ કોર્વેટ છે.

❖ **તાજેતરમાં બહાર પાડવામાં આવેલા 'પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક–2022' (Environment Performance Index 2022)માં 180 દેશોમાંથી ભારત અંતિમ 180માં ક્રમે છે.**

→ આ ઈન્ડેકસમાં ડેનમાર્ક પ્રથમ ક્રમાંક ધરાવે છે. ત્યારબાદ યુનાઈટેડ કિંગ્ડમ બીજા અને ફિનલેન્ડ ત્રીજા ક્રમે છે. જે બંનેએ તાજેતરના વર્ષોમાં ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા માટે ઉચ્ચ સ્કોર મેળવ્યા છે. 18.9 ના સ્કોર સાથે ભારત અંતિમ 180માં ક્રમે છે. નોંધનીય છે કે EPI 2020માં ભારત 26.6ના સ્કોર સાથે 168માં ક્રમે હતું.

→ પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક એક આંતરરાષ્ટ્રીય રેન્કિંગ સિસ્ટમ છે જે દેશોની પર્યાવરણીય સ્થિતિ અને ટકાઉપણુ માપે છે.

❖ **બોટનિકલ સર્વે ઓફ ઈન્ડિયા (BSI)ના સંશોધકોએ અરૂણાચલ પ્રદેશના અંજુ જિલ્લામાં એક સદી કરતા વધુ સમય પછી એક દુર્લભ છોડની શોધ કરી છે. તે 'ભારતીય લિપસ્ટિક છોડ' તરીકે ઓળખાય છે.**

→ આ છોડની શોધ સૌપ્રથમ વર્ષ 1912માં બ્રિટિશ વનસ્પતિ શાસ્ત્રી સ્ટીફન ટ્રોયર ડન દ્વારા કરવામાં આવી હતી. આ શોધ અન્ય અંગ્રેજ વનસ્પતિશાસ્ત્રી આઈઝેક હેનરી બર્કિલ દ્વારા અરૂણાચલ પ્રદેશમાંથી એકત્રિત કરાયેલા છોડના નમૂનાઓ પર આધારિત હતી. તે વનસ્પતિશાસ્ત્રમાં 'Eschinathus Monetaria Dun' તરીકે ઓળખાય છે. BSIના વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે ટયુબ્લર રેડ કોરોલાની હાજરીને કારણે એસ્કિનન્થસ જીનસ હેઠળની કેટલીક પ્રજાતિઓને લિપસ્ટિક છોડ કહેવામાં આવે છે.

❖ **તાજેતરમાં કૃષિ મંત્રાલયે પ્રાણીઓ માટે ભારતની પ્રથમ કોવિડ–19 રસી 'એનોકોવેકસ' (Anocovax) લોન્ચ કરી છે.**

→ આ રસી હિસાર સ્થિત નેશનલ રિસર્ચ સેન્ટર ઓન ઈકિવન્સ દ્વારા વિકસાવવામાં આવી છે. તે પ્રાણીઓને કોરોના વાયરસના ડેલ્ટા અને ઓમિક્રોન પ્રકારોથી સુરક્ષિત કરી શકે છે.

→ આ રસીનો ઉપયોગ કૂતરા, દીપડા, ઉંદર, સિંહ અને સસલામાં થઈ શકે છે. તે એક નિષ્ક્રિય રસી છે, જે ડેલ્ટા વેરિઅન્ટના ચેપી ભાગનો ઉપયોગ કરીને વિકસાવવામાં આવી છે. ભારતમાં પ્રાણીઓ માટે વિકસિત આ પ્રથમ કોવિડ–19 રસી છે.

❖ **તાજેતરમાં ભારતે સપાટી થી સપાટી પર પ્રહાર કરવા સક્ષમ ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલ 'પૃથ્વી–2'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું.**

→ ઓડિશાના ચાંદીપુર ખાતે ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ (ITR)ના લોન્ચ કોમ્પલેકસ–3 માંથી મોબાઈલ લોન્ચરથી તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

→ પૃથ્વી–2 મિસાઈલની રેન્જ 250 થી 350 કિમી છે. તે સ્વદેશી રીતે વિકસીત સરફેસ–ટુ–સરફેસ શોર્ટ રેન્જ બેલેસ્ટિક મિસાઈલ (SRBM) છે. અને તે એક ટન પેલોડ વહન કરી શકે છે. પૃથ્વી–2 મિસાઈલ 500 થી 1000 કિલોગ્રામ વોરહેડ્સ લઈ જવા માટે સક્ષમ છે. તે લિકિવડ પ્રોપલ્શન ટ્વીન એન્જિન દ્વારા સંચાલિત છે. તેનું નિર્માણ DRDO એ 'ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' (IGMDP) હેઠળ કર્યું છે.

❖ **તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'બાયોટેક સ્ટાર્ટઅપ એકસ્પો 2022' નું ઉદ્ઘાટન કર્યું હતું.**

→ તે દેશમાં બાયોટેક ક્ષેત્રના વ્યાપક વિકાસનું પ્રતિબિંબ છે. બાયોટેક સ્ટાર્ટઅપ એકસ્પો 2022 રોકાણકારો, ઉદ્યોગ સાહસિકો, વૈજ્ઞાનિક, સંશોધકો, ઉદ્યોગ અગ્રણીઓ, ઉત્પાદકો, બાયો–ઈન્ક્યુબેટર્સ, નિયમનકારો અને સરકારી અધિકારીઓને જોડવા માટે એક સામાન્ય પ્લેટફોર્મ પૂરું પાડશે.

→ આ એકસ્પો ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ કાઉન્સિલ (BIRAC) દ્વારા તેની સ્થાપનાના 10 વર્ષની સ્મૃતિમાં યોજવામાં આવી રહ્યો છે. તે આરોગ્ય, કૃષિ, જીનોમિકસ, સ્વચ્છ ઊર્જા, બાયો ફાર્મા, ઔદ્યોગિક બાયો ટેકનોલોજી વેસ્ટ ટુ વેલ્થ સહિત વિવિધ ક્ષેત્રમાં બાયોટેકનોલોજીની એપ્લિકેશનને પ્રદર્શિત કરશે. તેની થીમ 'બાયોટેક સ્ટાર્ટઅપ ઈનોવેશન : ટુવર્ડ્સ સેલ્ફ–રિલેયન્ટ ઈન્ડિયા' છે.

❖ **મિશિગન (અમેરિકા) સ્થિત ઈન્ફર્મેશન ટેકનોલોજી (IT) સેવાઓ અને IT કન્સલ્ટન્સી કંપની ઈન્ફર્મેશન ડેટા સિસ્ટમ (IDS) એ ભારત બ્લોકચેઈન નેટવર્ક (BBN) (એકેડેમિક બ્લોકચેઈન કન્સોર્ટિયમ) અને ભારતનું સૌથી મોટું શૈક્ષણિક મેટાવર્સ 'પોલિવર્સિટી' લૉન્ચ કર્યું છે.**

→ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને નવી દિલ્હીમાં આયોજિત AICTE ઑડિટોરિયમમાં આયોજિત કાર્યક્રમમાં ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE)ના અધિકારીઓની હાજરીમાં આ પહેલની શરૂઆત કરી હતી. ઉભરતી ટેકનોલોજીમાં એક કરોડ વિદ્યાર્થીઓને અપસ્કિલિંગ અથવા રિસ્કિલંગના લક્ષ્ય સાથે બંને પહેલો AICTE દ્વારા સમર્થિત છે અને IDS દ્વારા સંચાલિત છે.

→ ભારતનું પ્રથમ રાષ્ટ્રવ્યાપી હાઈબ્રિડ બ્લોકચેઈન નેટવર્ક ભારત બ્લોકચેઈન નેટવર્ક (BBN) IDS દ્વારા બનાવવામાં આવ્યું છે. તેનો ઉદ્દેશ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 અનુસાર, શાસનના ક્ષેત્રોમાં શૈક્ષણિક મહત્વના બ્લોકચેઈન પ્રોજેક્ટ્સ, વેરિફિકેશન માટે ક્રેડેન્શિયલ જાહેર કરવા, કૌશલ બેઝ, વિદ્યાર્થી સ્થાનાંતરણ અને ઑડિટ રૂલને સક્ષમ કરવાનો છે. IDSએ 100થી વધુ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સહયોગ સાધ્યો છે.

→ પોલિવર્સિટી એક આભાસી યુનિવર્સિટી છે અને ભારતનું સૌથી મોટું શૈક્ષણિક મેટાવર્સ છે, જેમાં 100થી વધુ ઍકૅડૅમિક ભાગીદાર શિક્ષણને વધુ સુલભ, ઈમર્સિવ અને સાર્થક બનાવવા માટે AICTEના પરિસર સહિત આભાસી પરિસરોની સ્થાપના કરી રહ્યા છે.

❖ **ભારતે ઓડિશાના APJ અબ્દુલ કલામ ટાપુ પરથી પરમાણુ સક્ષમ અગ્નિ–4 ઈન્ટરમીડિયેટ રેન્જ બેલેસ્ટિક મિસાઈલ (IRBM)નું રાત્રિ પરીક્ષણ સફળતાપૂર્વક કર્યું હતું.**

→ અગ્નિ–4 3,500 થી 4,000 કિલોમીટરની રેન્જની બે તબક્કાવાળી સરફેસ ટુ સરફેસ મિસાઈલ (SSM) છે. આ મિસાઈલ 1,000 કિગ્રાનો પેલોડ લઈ જવા સક્ષમ છે અને 900 મીટરની ઊંચાઈ પર ઉડાન ભરી શકે છે. અગ્નિ–4 અગ્નિશ્રેણીની ચોથી મિસાઈલ છે. અગાઉ તેને અગ્નિ II પ્રાઈમ તરીકે ઓળખવામાં આવતી હતી. અગ્નિ–1 થી લઈને અગ્નિ–5 મિસાઈલોની ડિઝાઈન અને વિકાસ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા કરવામાં આવ્યો છે.

❖ **ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ (IIM) અમદાવાદે ભારતીય કૃષિ જમીન બજાર SFarmsIndia સાથે મળીને IIMA – SFarmsIndia કૃષિ ભૂમિ મૂલ્ય સૂચકાંક (ISALPI) લૉન્ચ કર્યો છે, જે તેના પ્રકારનો પ્રથમ જમીન મૂલ્ય સૂચકાંક છે.**

→ આ સૂચકાંક ભારતમાં ખેતીની જમીનની કિંમતો અંગે ગુણવત્તા નિયંત્રિત ડેટ રેકોર્ડ રજૂ કરશે. IIMAમાં મિશ્રા સેન્ટર ફોર ફાઈનાન્શિયલ માર્કેટ્સ એન્ડ ઈકોનોમી આ ઈન્ડેક્સને પોતાની સત્તાવાર વેબસાઈટ પર હોસ્ટ કરશે. વર્તમાનમાં ISALPI આંધ્રપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર, તમિલનાડુ, તેલંગાણા અને ઉત્તર પ્રદેશ રાજ્યોના જમીન સૂચિકરણ ડેટા પર આધારિત છે. 200 મિલિયન હેક્ટર કુલ ખેતીલાયક જમીનમાંથી ભારતમાં 2% ખેતીલાયક જમીન છે, પરંતુ વિશ્વની 15% થી વધુ વસતીને ખોરાક આપે છે. SFarmsIndia નું વડુમથક હૈદરાબાદમાં આવેલું છે અને તેની સ્થાપના 2018માં કરવામાં આવી હતી.

→ આ ઈન્ડેક્સ માર્કેટપ્લેસ (SFarmsIndia) માં ભાવની હિલચાલને ટ્રેક કરશે અને માસિક ધોરણે સંયુક્ત કિંમત નિર્ધારણ પદ્ધતિ સાથે આવશે. સૂચકાંક એક વર્ષમાં બે વાર અપડેટ કરાશે.

❖ **માઈક્રોસોફ્ટે આખરે 27 વર્ષો બાદ ઈન્ટરનેટ એક્સપ્લોરરને નિવૃત્ત કરી દીધું છે.**

→ વેબ બ્રાઉઝરને સૌપ્રથમવાર 1995માં વિન્ડોઝ 95 માટે એડ–ઓન પેકેજ પ્લસના ભાગરૂપે લોન્ચ કરાયું હતું. ઈન્ટરનેટ એક્સપ્લોરરને બંધ કરવાના માઈક્રોસોફ્ટના નિર્ણય વિષે માહિતી આપતા માઈક્રોસોફ્ટ એજ પ્રોગ્રામ મેનેજર સીન લિન્ડરસેએ જણાવ્યું હતું કે 15 જૂન, 2022 થી ઈન્ટરનેટ એક્સપ્લોરર 11 ડેસ્કટોપ નિવૃત્ત થઈ ગયું છે.

❖ **કેન્દ્ર સરકારે 1 જુલાઈ, 2022 થી 'સિંગલ યુઝ પ્લાસ્ટિક'ના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવ્યો છે.**

→ પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા 2021માં ગેઝેટ જાહેરનામું જાહેર કરીને આ પ્રતિબંધની ઘોષણા કરવામાં આવી હતી. હવે એ વસ્તુઓની યાદી બહાર પાડવામાં આવી છે જેને જુલાઈ 2022માં પ્રતિબંધિત કરવામાં આવશે. સિંગલ યુઝ પ્લાસ્ટિક એટલે પ્લાસ્ટિકની એવી વસ્તુઓ જેનો એક વાર ઉપયોગ કર્યા બાદ ત્યાગ કરવામાં આવે છે. તેમાં વસ્તુઓનું પેકિંગ, બોટલો, પૉલીથીન બેગ, કોફી કપ, ફેસ માસ્ક, કચરાની બેગ, ક્લિંગ ફિલ્મ, ખાદ્ય પેકેજિંગ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

→ મિંડેરૂ ફાઉન્ડેશનના રિપોર્ટ અનુસાર, ભારત સિંગલ યુઝ પ્લાસ્ટિક કચરો ઉત્પન્ન કરતા મુખ્ય 100 દેશોમાં ભારત 94મા ક્રમાંકે છે.

❖ **ઉત્તરાખંડમાં હિમાલયમાં દેવસ્થળ પહાડી ઉપર ભારતનું પ્રથમ અને એશિયાનું સૌથી મોટું ઈન્ટરનેશનલ લિકિવડ મિરર ટેલિસ્કોપ (ILMT) લોન્ચ કરવામાં આવ્યું છે.**

→ આ ટેલિસ્કોપ ઉત્તરાખંડના નૈનીતાલ જિલ્લામાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ અંતર્ગત સ્વાયત્ત સંસ્થા આર્યભટ્ટ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓબ્ઝર્વેશનલ સાયન્સીઝ (ARIES)ની દેવસ્થળ ઓબ્ઝર્વેટરી પરિસરમાં 2,450 મીટરની ઊંચાઈ પર સ્થિત છે. લિકિવડ મિરર ટેલિસ્કોપ સુપરનોવા, ગ્રેવિટેશનલ લેન્સ, અવકાશીય કચરો અને ક્ષુદ્રગ્રહો જેવી ક્ષણિક અથવા પરિવર્તનશીલ વસ્તુઓની દેખરેખ રાખશે.

❖ **ભારતે તેનો સંચાર ઉપગ્રહ GSAT-24 (જિયોસિંક્રોનસ સેટેલાઈટ–24)ને એરિયન–5 રોકેટ/એરિયન ફલાઈટ VA257થી ફ્રાન્સની કંપની એરિયનસ્પેસ દ્વારા દક્ષિણ અમેરિકામાં સ્થિત ફ્રેન્ચ ગુયાનાના કૌરૌમાં ગુયાના સ્પેસ સેન્ટર પરથી સફળતાપૂર્વક લૉન્ચ કર્યો હતો.**

→ આ ભારતનો પહેલો માંગ સંચાલિત સંચાર ઉપગ્રહ છે. GSAT-24ને ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ ન્યૂસ્પેસ ઈન્ડિયા લિ. (NSIL) માટે બનાવ્યો છે.

→ આ એરિયનસ્પેસ દ્વારા લૉન્ચ કરાયેલો 25મો ભારતીય ઉપગ્રહ અને GSAT શ્રેણીનો 11મો ઉપગ્રહ છે. GSAT-24 24-Ku બેન્ડ સંચાર ઉપગ્રહ છે, જે દેશભરની DTH જરૂરિયાતોને પૂરી કરશે. ઉપગ્રહનું વજન આશરે 4,180 કિ.ગ્રા. છે.

❖ **આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે એઈમ્સ દિલ્હીના ડૉક્ટરોએ માહિતી આપી હતી કે તેઓએ વિશ્વનો પ્રથમ એન્ટિ–ગ્રેવિટી બોડી સૂટ વિકસાવ્યો છે જે અંતરિક્ષયાત્રીઓને અંતરિક્ષમાં યોગ કરવા દેશે.**

→ અવકાશયાત્રીઓ માટે આ ભારતનો પ્રથમ બોડી સૂટ છે અને તે તેઓને સ્નાયુઓને મજબૂત કરવામાં તથા હાડકાંની ઘનતાના ખનિજોના નુકસાનને રોકવામાં મદદ કરશે. તે અંતરિક્ષયાત્રીઓને હવામાં તરતા અટકાવવા માટે અવકાશમાં તેમના વજનમાં 70% થી વધુનો વધારો કરશે. એઈમ્સ–દિલ્હીને આ એન્ટિ–ગ્રેવિટી બોડી સૂટ વિકસાવવામાં નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, જાલંધરે સહાય કરી હતી.

## રમત–જગત, નિમણૂંક, વ્યકિત, પુસ્તક, નિધન

❖ **બોલિવુડના પ્રસિદ્ધ ગાયક કૃષ્ણકુમાર કુન્નાથ (કે.કે.)નું 53 વર્ષની વયે કોલકાતામાં નિધન થયું છે.**

→ કે.કે.નો જન્મ 23 ઓગસ્ટ, 1968ના રોજ દિલ્હી ખાતે થયો હતો.

→ વર્ષ 1999માં તેમણે પાલ (અથવા પલ) નામનું તેનું પ્રથમ આલ્બમ લોન્ચ કર્યું હતું. તેમણે વર્ષ 1999માં હમ દિલ દે ચૂકે સનમના ગીત તડપ તડપ કે ઈસ દિલ સે સોન્ગથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું.

→ વર્ષ 2009માં તેમણે ફિલ્મ બચના એ હસીનોના તેના ગીત ખુદા જાને માટે સ્ક્રીન એવોર્ડ (શ્રેષ્ઠ પ્લેબેક સિંગર–મેલ) જીત્યો હતો.

❖ **પ્રથમ વખત આયોજિત ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન (FIH) 5-S ચેમ્પિયનશિપનું ટાઈટલ ભારતે જીત્યું છે.**

→ 5 જૂન, 2022ના રોજ સ્વિત્ઝર્લેન્ડના લોસાનમાં રમાયેલી ફાઈનલ મેચમાં પોલેન્ડને 6 – 4 થી હરાવીને ભારતે આ ટાઈટલ જીત્યું છે. નોંધનીય છે કે ભારતીય ટીમ ટુર્નામેન્ટમાં એકપણ મેચ હારી નથી. પાંચ ટીમોની આ ટુર્નામેન્ટમાં ભારત 10 પોઈન્ટ સાથે લીગ મેચોમાં પ્રથમ સ્થાને છે. હોકી 5-S એ ઉચ્ચ ગતિ અને ઉચ્ચ કૌશલ્ય સાથે રમાતી હોકીનું નવું અને ટૂંકું સંસ્કરણ છે. નોંધનીય છે કે ચીનના નાનજિંગમાં 2014 યુથ ઓલિમ્પિકસ ગેમ્સમાં પ્રથમ વખત હોકી 5-S મેચ યોજાઈ હતી.

❖ **સુપ્રસિદ્ધ ભારતીય મહિલા ક્રિકેટર મિતાલી રાજે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.**

→ નોંધનીય છે કે તેમણે તાજેતરમાં ન્યૂઝીલેન્ડમાં સમાપન થયેલા મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ 2022માં ભારતીય ટીમનું નેતૃત્વ કર્યું હતું.

→ મિતાલી રાજનો જન્મ 3 ડિસેમ્બર, 1982ના રોજ રાજસ્થાનના જોધપુરમાં એક તામિલ પરિવારમાં થયો હતો. તેમણે વર્ષ 1999માં માત્ર 16 વર્ષની વયે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પર્દાપણ કર્યું હતું.

→ તેઓ વન–ડે ક્રિકેટમાં હાઈએસ્ટ રન એટલે કે 7000 થી વધુ રન બનાવનાર એકમાત્ર મહિલા ક્રિકેટર છે. તેઓ વન–ડે મેચમાં સતત 7 અર્ધ સદી ફટકારનાર પ્રથમ ખેલાડી છે. આ સિવાય મહિલા વન–ડેમાં સૌથી અર્ધશતકનો રેકોર્ડ પણ તેના નામે છે. 2018 ના મહિલા T-20 એશિયા કપ દરમિયાન T-20 ફોર્મેટમાં 2000 રનના આંકડાને પાર કરનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યા હતા.

→ ટેસ્ટ ક્રિકેટમાં ભારત તરફથી બેવડી સદી નોંધાવનાર એકમાત્ર બેટ્સવુમન છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 20 વર્ષ પૂરા કરનાર પ્રથમ મહિલા બનવાનો રેકોર્ડ પણ તેના નામે છે.

→ વર્ષ 2019માં ન્યૂઝિલેન્ડ સામેની ભારતની શ્રેણી દરમિયાન 200 વન–ડેમાં રમનારી પ્રથમ મહિલા ખેલાડી બન્યા હતા. વન–ડે વર્લ્ડ કપમાં હાઈએસ્ટ 24 મેચમાં કેપ્ટનશિપ કરનાર પ્રથમ મહિલા ખેલાડી છે. તેઓ છ વખત ICC મહિલા વન–ડે વર્લ્ડ કપ રમનાર પ્રથમ ખેલાડી છે.

❖ **તાજેતરમાં 22 મે થી 5 જૂન, 2022 દરમિયાન ફ્રાન્સના પેરિસના સ્ટેડ રોલાન્ડ ગેરોસ ખાતે ફ્રેન્ચ ઓપનની 126મી ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.**

→ આ ટુર્નામેન્ટમાં સ્પેનના રાફેલ નડાલે નોર્વેના કેસ્પર રૂડને પરાજય આપીને મેન્સ સિંગલ્સનું ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીત્યું છે. આ જીત સાથે 36 વર્ષીય રાફેલ નડાલ રોલાન્ડ ગેરોસમાં ખિતાબ જીતનાર સૌથી મોટી ઉંમરના ખેલાડી બની ગયા છે. જ્યારે પોલેન્ડના ઈગા સ્વેટિકે યુએસએના કોકો ગોફને પરાજય આપીને વિમેન્સ સિંગ્લસનું ટાઈટલ જીતી લીધું છે.

❖ **કેન્દ્રીય ગૃહમંત્રીએ 4 જૂન, 2022ના રોજ હરિયાણાના પંચકુલામાં ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2021ની શરૂઆત કરી હતી.**

→ ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સની આ ચોથી આવૃત્તિ છે, જે ભારતની સૌથી મોટી રાષ્ટ્રવ્યાપી પાયાની રમત સ્પર્ધા છે, જે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2018માં શરૂ કરવામાં આવી હતી.

→ ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2021માં પ્રથમ વખત પાંચ પરંપરાગત રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, આ રમતોમાં ગટકા (ગતકા), કલારીપયટ્ટુ, થંગ–તા, મલખંભ અને યોગનો સમાવેશ થાય છે.

❖ **પીવાનું પાણી અને સ્વચ્છતા મંત્રાલયના પૂર્વ સચિવ પરમેશ્વરન ઐયરને 24 જૂન, 2022ના રોજ સરકારી થિંક ટેન્ક નીતિ આયોગના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) નિયુકત કરવામાં આવ્યા છે. તેમણે અમિતાભ કાંતનું સ્થાન લીધું છે.**

→ કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ જાહેરનામા અનુસાર, ઉત્તર પ્રદેશ કેડરના 1981ની બેચના IAS અધિકારી અને જાણીતા સ્વચ્છતા વિશેષજ્ઞ પરમેશ્વરન ઐયરનો કાર્યકાળ વર્તમાન CEO અમિતાભ કાંતનો કાર્યકાળ 30 જૂન, 2022ના રોજ પૂર્ણ થવાની સાથે શરૂ થયો છે. પરમેશ્વરન ઐયર નીતિ આયોગના ત્રીજા CEO બનશે.

❖ **વર્તમાનમાં ભૂટાન ખાતે ભારતના રાજદૂત તરીકે સેવા આપી રહેલા રુચિરા કમ્બોજને 21 જૂન, 2022ના રોજ ટી.એસ.તિરુમૂર્તિના સ્થાને ન્યૂયોર્ક ખાતે સંયુકત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ નિયુકત કરાયા છે.**

→ તેઓ 1987ની સિવિલ સર્વિસીઝ બેચના ઓલ ઈન્ડિયા વીમેન ટોપર તથા 1987ની વિદેશ સેવા બેચના ટોપર હતા.

- **હિમાચલ પ્રદેશ કેડરના 1988ની બેચના IPS ઓફિસર તપનકુમાર ડેકા (તપન ડેકા)ની નિમણૂક 24 જૂન, 2022 ના રોજ ઈન્ટેલિજન્સ બ્યૂરો (IB)ના નવા વડા તરીકે કરાઈ છે.**
  - → તેમની નિયુક્તિને કેબિનેટની નિમણૂક સમિતિએ બહાલી આપી છે. તપન ડેકા 30 જૂન, 2022 થી બે વર્ષના કાર્યકાળ માટે IBના પ્રમુખનો કાર્યભાર સંભાળશે. તેઓ અરવિંદકુમારનું સ્થાન લેશે.
  - → બીજી બાજુ, કેન્દ્ર સરકારે રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (R&AW) ના વડા સામંત ગોયલને એક વર્ષનું એક્સ્ટેન્શન આપ્યું છે. અગાઉ 23 જૂન, 2022ના રોજ ભારત સરકારે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ના મહાનિર્દેશક તરીકે પંજાબના પૂર્વ DGP એવા 1987ની બેચના વરિષ્ઠ IPS અધિકારી દિનકર ગુપ્તાની નિમણૂક કરી હતી.
- **ભારત આગામી 11 થી 30 ઓક્ટોબર, 2022 સુધી ફીફા U-17 મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ (સાતમી આવૃત્તિ)ની મેજબાની કરશે.**
  - → વર્લ્ડ કપમાં કુલ 16 ટીમો ભાગ લેશે અને કુલ 32 મેચો રમશે. ફીફા U-17 મહિલા વર્લ્ડ કપની ફાઈનલ મેચ 30 ઓક્ટોબર, 2022ના રોજ નવી મુંબઈના ડી.વાય.પાટીલ સ્ટેડિયમમાં રમાશે, જ્યારે સેમીફાઈનલ ગોવામાં રમાશે. ભારત તેની ગ્રૂપ સ્ટેજની બધી જ મેચો ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં કલિંગ સ્ટેડિયમ ખાતે રમશે.
- **બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી રણજી ટ્રોફીની ફાઈનલમાં 26 જૂન, 2022ના રોજ મધ્ય પ્રદેશે 41 વખતના રણજી ચેમ્પિયન મુંબઈને 6 વિકેટે પરાજિત કરી સૌપ્રથમવાર રણજી ટાઈટલ જીતીને ઈતિહાસ રચ્યો છે.**
  - → ઘરેલુ ક્રિકેટમાં આ મધ્ય પ્રદેશનું સૌપ્રથમ ટાઈટલ છે. મધ્ય પ્રદેશની ટીમ ઈરાની ટ્રોફી, વિજય હઝારે ટ્રોફી કે સૈયદ મુશ્તાકઅલી ટ્રોફીમાં હજુ સુધી જીતી શકી નથી.
- **તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિને 44માં આંતરરાષ્ટ્રીય શતરંજ મહાસંભ ચેસ ઓલિમ્પિયાડ માટે સત્તાવાર લોગો અને મેસ્કોટ 'થંબી'નો શુભારંભ કર્યો છે.**
  - → 44મી FIDE ચેસ ઓલિમ્પિયાડનું આયોજન 28 જુલાઈથી, 10 ઓગસ્ટ, 2022 સુધી મામલ્લાપુરમ, ચેન્નાઈ, તમિલનાડુમાં કરવામાં આવશે.
  - → શુભંકર (મેસ્કોટ) થંબી એક ઘોડો (Knight) છે જેણે પારંપરિક તમિલ પોષાક વેષ્ટી (ધોતી) અને શર્ટ પહેરેલો છે. થંબીના શર્ટ પર 'ચેસ બીલિવ' લખેલું છે.
- **ઈન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (ISSF) વર્લ્ડ કપ 2022નું આયોજન અજરબૈઝાનના બાકુમાં કરવામાં આવ્યું હતું.**
  - → ભારતે 2 ગોલ્ડ, 3 સિલ્વર સાથે કુલ 5 મેડલ જીત્યા છે અને સમગ્ર ચેમ્પિયનશીપમાં 5મું સ્થાન મેળવ્યું છે, કોરિયા ગણરાજ્ય 5 ગોલ્ડ અને 3 બ્રોન્ઝ સાથે મેડલ ટેલીમાં ટોચના સ્થાને છે, ત્યારબાદ અમેરિકા 4 ગોલ્ડ, 3 સિલ્વર અને 1 બ્રોન્ઝ સાથે બીજા ક્રમે અને 3 ગોલ્ડ, 2 સિલ્વર અને 1 બ્રોન્ઝ મેડલ સાથે ફ્રાન્સ ત્રીજા ક્રમે છે.
- **ફ્રાન્સના પેરિસ ખાતે ફ્રેન્ચ ઓપન – 2022નું આયોજન થયું હતું.**
  - → આ ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટની મેન્સ સિંગલ્સમાં નોર્વેના કેસ્પર રૂડ ને હરાવી સ્પેનના રાફેલ નડાલ વિજેતા બન્યા. જ્યારે વીમેન્સ સિંગલ્સમાં ઈયા સ્વિયાટેક (પોલેન્ડ) વિજેતા બની હતી.
  - → આ ટુર્નામેન્ટની મેન્સ ડબલ્સમાં માર્સેલો અરેવાલો (અલ–સાલ્વાડોર), જીન જુલિયન રોજર (નેધરલેન્ડ) વિજેતા બન્યા હતા. જ્યારે વીમેન્સ સિંગલ્સમાં કેરોલિના ગાર્સિયા (ફ્રાન્સ), ક્રિસ્ટિના મ્લાદેનોવિક (ફ્રાન્સ) વિજેતા બન્યા હતા.

Banking Academy

## એવોર્ડ, પુરસ્કાર

- **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ વર્લ્ડ નો ટોબેકો ડે (WNTD) એવોર્ડ 2022 માટે ઝારખંડની વરણી કરી છે.**
  - → તમાકુના વપરાશને નિયંત્રણમાં લેવાના ઝારખંડના શ્રેષ્ઠ પ્રયાસો બદલ વૈશ્વિક સ્વાસ્થ્ય સંસ્થાએ WNTD એવોર્ડ – 2022 માટે તેની પસંદગી કરી છે, 31 મે, 2022ના નવી દિલ્હીમાં વર્લ્ડ નો ટોબેકો ડેના અવસરે ઝારખંડના સ્વાસ્થ્ય વિભાગના સ્ટેટ ટોબેકો કન્ટ્રોલ સેલને તમાકુ નિયંત્રણ માટેનો WHO એવોર્ડ પ્રદાન કરાયો હતો.
- **દુનિયામાં પહેલીવાર એક ભારતીય નાગરિક રામકૃષ્ણ મુક્કાવિલ્લીને સંયુકત રાષ્ટ્ર ગ્લોબલ કોમ્પેક્ટ (UNGC) દ્વારા જળ પ્રબંધન માટે એક વૈશ્વિક સતત વિકાસ લક્ષ્ય (SDG) પાયોનિયર તરીકે માન્યતા અપાઈ છે.**
  - → આ પદે કોઈ ભારતીયને માન્યતા અપાઈ હોવાનું આ સૌપ્રથમવાર બન્યું છે. સંયુકત રાષ્ટ્ર ગ્લોબલ કોમ્પેક્ટે 10 નવા SDG પાયોનિયર્સને માન્યતા આપી છે, જેઓ કોર્પોરેટ લીડર્સ છે, જે માનવાધિકાર, પર્યાવરણ, શ્રમ અને ભ્રષ્ટાચાર વિરોધી 10 સિદ્ધાંતો લાગુ કરીને SDGs ને આગળ ધપાવવામાં ઉત્કૃષ્ટ છે. મેક ઈન ઈન્ડિયા કંપની મૈત્રી એકવાટેકના સ્થાપક અને MD રામકૃષ્ણ મુક્કાવિલ્લીને ભારત અને દક્ષિણ પૂર્વ એશિયા, મધ્ય પૂર્વ અને આફ્રિકા ખંડના 27 દેશોમાં પ્રકૃતિ આધારિત જળ સમાધાનોના માધ્યમથી જળ સુરક્ષાને પ્રોત્સાહન આપવામાં તેમના સરાહનીય કાર્ય બદલ આ વર્ષના આરંભે સંયુકત રાષ્ટ્ર ગ્લોબલ કોમ્પેક્ટ નેટવર્ક ઈન્ડિયા (GCNI) દ્વારા ભારતના SDG પાયોનિયર તરીકે માન્યતા અપાઈ હતી. તે પછી તેમને 2022 માટે 10 નવા SDG પાયોનિયર્સ પૈકીના એક નોમિનેટ કરાયા હતા.
  - → રામકૃષ્ણ મુક્કાવિલ્લીની કંપની મૈત્રી એકવાટેકનું અનોખું સમાધાન મેઘદૂત વાયુમંડળીય જળ ઉત્પાદન (એટમોસ્ફેરિક વોટર જનરેશન–AWG) નામના એક વૈકલ્પિક જળ વિચાર પર આધારિત છે, જે AIR નામના એક મોટા, નવીકરણીય જળ સંસાધનનો ઉપયોગ કરે છે, જેમાં વિશ્વની બધી જ નદીઓની તુલનામાં છ ગણું વધુ તાજું પાણી છે.
- **બે વર્ષના અંતરાલ બાદ IIFA (ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એવોર્ડ્સ)એ પુનરાગમન કર્યું છે.**
  - → વર્ષ 2022ના IIFA (22મી આવૃત્તિ)નું આયોજન અબુધાબીના યાસ ટાપુ ખાતે 3 – 4 જૂન, 2022 દરમિયાન એતિહાદ એરિનામાં કરાયું હતું.
  - → શ્રેષ્ઠ ફિલ્મ : શેરશાહ, શ્રેષ્ઠ નિર્દેશક : વિષ્ણુ વર્ધન (શેરશાહ), શ્રેષ્ઠ અભિનેતા : વિકી કૌશલ (સરદાર ઉધમ), શ્રેષ્ઠ અભિનેત્રી : ક્રિતિ સેનોન (મિમિ)

- **MSMEs (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સાહસો)ના વિકાસ અને પ્રોત્સાહન માટે અસાધારણ યોગદાન બદલ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને અપાતા MSME એવોર્ડ્સ અંતર્ગત નેશનલ MSME એવોર્ડ 2022 શ્રેણીમાં ઓડિશા સરકારના માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝીસ (MSMEs) વિભાગને પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું છે.**
- **ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડયાને 'સ્વ. માધવરાવ સપ્રે રાષ્ટ્રીય એવોર્ડથી' સન્માનિત કરાયા.**
  → હિન્દી સાહિત્યના વિદ્વાન પત્રકાર અને સાહિત્યકાર સ્વ.માધવરાવ સપ્રેના નામે રાષ્ટ્રીય સ્તરનું સન્માન અને એવોર્ડ આપવામાં આવે છે. આ વર્ષે ભોપાલના સપ્રે સંગ્રહાલય અને સંશોધન કેન્દ્રના 39મા સ્થાપના દિવસે એક સમારોહમાં ગુજરાતના વરિષ્ઠ પત્રકાર, સાહિત્યકાર અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડયાને સ્વ. માધવરાવ સપ્રે એવોર્ડ એનાયત કરાશે. રાજ્યસભાના ઉપસભાપતિ અને હિન્દી પત્રકાર ડી.હરિવંશના હસ્તે તેમને આ સન્માન અર્પણ કરાશે.
- **કથક નૃત્યમાં આગવું પ્રદાન કરનાર પદ્મભૂષણ કુમુદિની લાખિયાની પસંદગી વર્ષ 2021ના 'પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત' એવોર્ડ માટે થઈ છે.**
  → કલા ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર મહાનુભાવને વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આ એવોર્ડથી સન્માનિત કરાય છે. 27 જૂન, 2022ના રોજ ગુજરાત વિશ્વકોશ ભવન ખાતે ઈલાબેન ભટ્ટના હસ્તે કુમુદિની લાખિયાને સારસ્વત એવોર્ડ અર્પણ કરાયો હતો. આ અવસરે 'કદંબ' દ્વારા નૃત્ય પ્રસ્તુતિ પણ કરાઈ હતી.
- **પોતાની આગવી ચિત્રકળા શૈલી માટે જાણીતા શૈલેષ સંઘવીને કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટનમંત્રી જી.કિશન રેડ્ડીને હસ્તે 'રાજા રવિ વર્મા સન્માન' પ્રાપ્ત થયું છે.**
  → સંસ્કૃતિ મંત્રાલયના સહયોગથી મેઘમંડળ સંસ્થાન બાડમેર દ્વારા દિલ્હી પોલીસ મુખ્યાલયના આદર્શ હોલમાં યોજાયેલા 'ચિત્રાંજલિ' સમારોમાં સંઘવીને આ બહુમાન અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ત્રિપુરાના ભૂતપૂર્વ રાજ્યપાલ પ્રો. કપ્તાનસિંહ સોલંકી, દિલ્હી પોલીસ કમિશનર રાકેશ અસ્થાના, જાણીતા નૃત્યાંગના અને રાજ્યસભા સાંસદ ડૉ.સોનલ માનસિંહ, રાજા રવિ વર્માના વંશજ રામ વર્મા થમપુરણ, મેઘમંડળના વિમલેશ બ્રિજવાલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## મહત્વના દિવસો

- **01 જૂન, 2022 : 'વિશ્વ દૂધ દિવસ' (World Milk Day)**
  – નોંધનીય છે કે 26 નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય દૂધ દિવસ' મનાવવામાં આવે છે.
- **03 જૂન, 2022 : 'વિશ્વ સાઈકલ દિવસ'**
- **04 જૂન, 2022 : આક્રમણનો ભોગ બનેલા નિર્દોશ બાળકોનો આંતરરાષ્ટ્રીય દિવસ (International Day of Innocent Children Victims of Aggression)**
- **05 જૂન, 2022 : વિશ્વ પર્યાવરણ દિવસ**
  – થીમ : 'Only One Earth'
  – વર્ષ 2022ની 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીનો યજમાન દેશ સ્વીડન છે.
- **07 જૂન, 2022 : વિશ્વ અન્ન સુરક્ષા દિવસ**
  – થીમ : 'Safer Food, Better health'
  – નોંધનીય છે કે 'વિશ્વ અન્ન દિવસ'ની ઉજવણી 16 ઓકટોબરના રોજ ઉજવાય છે.
- **08 જૂન, 2022 : વિશ્વ સમુદ્ર દિવસ (World Oceans Day)**
  – થીમ : 'Revitalization : Collective Action for the Ocean'
- **08 જૂન, 2022 : વિશ્વ બ્રેઈન ટયૂમર દિવસ (World Brain Tumor Day)**
- **05 થી 11 જૂન, 2022 : વર્લ્ડ એલર્જી વીક (વિશ્વ એલર્જી સપ્તાહ)**
  – થીમ : 'બ્રીદ બેટર : ધ અસ્થમા એન્ડ એલર્જી કનેકશન્સ'
- **12 જૂન, 2022 : વિશ્વ બાળ મજૂરી વિરોધ દિવસ**
  – થીમ : 'Universal Social Protection to end Child labour'
- **13 જૂન, 2022 : આંતરરાષ્ટ્રીય રંગહીનતા જાગૃતિ દિવસ**
  – થીમ : 'યુનાઈટેડ ઈન મેકિંગ અવર વોઈસ હર્ડ' (અમારો અવાજ સાંભળવામાં સંગઠિત)
- **14 જૂન, 2022 : વિશ્વ રકતદાન દિવસ (વિશ્વ સ્વૈચ્છિક રકતદાન દિવસ)**
  – થીમ : Donating Blood is an Act of Solidarity. Joint the effort and save lives
- **15 જૂન, 2022 : વૈશ્વિક પવન દિવસ (Golbal wind Day)**
  – થીમ : 'વી આર #InWithWind, આર યુ ?'
- **15 જૂન, 2022 : વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃતતા દિવસ (World Elder Abuse Awareness Day)**
  – થીમ : Digital Equity for All Ages

Banking Academy

- **17 જૂન, 2022 : વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ (World Day to Combat Desertification and Drought)**
  – સમગ્ર વિશ્વમાં દર વર્ષે 17 જૂનના રોજ 'વિશ્વ રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો દિવસ'
  – થીમ : Rising Up From Drought Together
- **17 જૂન, 2022 : વિશ્વ મગર દિવસ (World Crocodile Day)**
- **17 જૂન, 2022 : વર્લ્ડ ડે ટુ કોમ્બેટ ડેસર્ટિફિકેશન એન્ડ ડ્રોટ (રણીકરણ અને દુષ્કાળનો મુકાબલો કરવા માટેનો વિશ્વ દિવસ)**
  – થીમ : 'રાઈઝિંગ અપ ફ્રોમ ડ્રોટ ટુગેધર' (દુષ્કાળમાંથી એક સાથે ઉભરવું)
- **19 જૂન, 2022 : વર્લ્ડ સિકલ સેલ ડે (વિશ્વ સિકલ સેલ દિવસ)**
- **19 જૂન, 2022 : નેશનલ રીડિંગ ડે (રાષ્ટ્રીય વાચન દિવસ)**
- **20 જૂન, 2022 : વર્લ્ડ રેફ્યુજી ડે (વિશ્વ શરણાર્થી દિવસ)**
  – થીમ : 'ધ રાઈટ ટુ સીક સેફ્ટી'
- **21 જૂન, 2022 : વર્લ્ડ હાઈડ્રોગ્રાફી ડે (વિશ્વ જળ સર્વેક્ષણ દિવસ)**
  – થીમ : 'હાઈડ્રોગ્રાફી – કોન્ટ્રિબ્યુટિંગ ટુ ધ યુનાઈટેડ નેશન્સ ઓશન ડિકેડ'
- **23 જૂન, 2022 : ઈન્ટરનેશનલ ઓલિમ્પિક ડે (આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક દિવસ)**
  – થીમ : 'ટુગેધર ફોર એ પીસફુલ વર્લ્ડ' અને #MoveForPeace તથા #OlympicDay
- **23 જૂન, 2022 : યુનાઈટેડ નેશન્સ પબ્લિક સર્વિસ ડે (સંયુકત રાષ્ટ્ર લોક સેવા દિવસ)**
  – થીમ : 'બિલ્ડિંગ બેક બેટર ફ્રોમ COVID-19 : એન્હાન્સિંગ ઈનોવેટિવ પાર્ટનરશિપ્સ ટુ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ'
- **24 જૂન, 2022 : પાસપોર્ટ સેવા દિવસ**
- **25 જૂન, 2022 : ડે ઓફ ધ સીફેરર (નાવિક દિવસ)**
  – થીમ : 'યોર વોયેજ – ધેન એન્ડ નાઉ, શેર યોર જર્ની'
- **25 જૂન, 2022 : વર્લ્ડ વિટિલિગો ડે (વિશ્વ કોઢ દિવસ)**
  – થીમ : 'લર્નિંગ ટુ લિવ વિથ વિટિલિગો'
- **26 જૂન, 2022 : વર્લ્ડ ડ્રગ ડે**
  – થીમ : 'એડ્રેસિંગ ડ્રગ ચેલેન્જીસ ઈન હેલ્થ એન્ડ હ્યુમેનિટેરિયન ક્રાઈસિસ'
- **27 જૂન, 2022 : વર્લ્ડ MSME ડે**
  – થીમ : 'રેઝિલિયન્સ એન્ડ રિબિલ્ડિંગ : MSMEs ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ'
- **28 જૂન, 2022 : નેશનલ ઈન્સ્યોરન્સ અવેરનેસ ડે (રાષ્ટ્રીય વીમા જાગરૂકતા દિવસ)**
- **29 જૂન, 2022 : નેશનલ સ્ટેટિસ્ટિકસ ડે (રાષ્ટ્રીય સાંખ્યિકી દિવસ)**
  – થીમ : 'ડેટા ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ'
- **29 જૂન, 2022 : ઈન્ટરનેશનલ ડે ઓફ ધ ટ્રોપિકસ (ઉષ્ણકટિબંધોનો આંતરરાષ્ટ્રીય દિવસ)**

Banking Academy